જ્ઞાન • પ્રેરણા • સમર્પણ

# કૃત સંકલ્પ

Vol.16-17* Issue : 481, 20th April - 2023* કુલ પાના ૨૦* અંક કિંમત રૂા. - ૫.૦૦

## यादें




जब मैं 'दोस्त' के प्लेन में बैठकर
PM पद की शपथ लेने दिल्ली गया.

22 मई 2014


ઈદ મુબારક

**સંપાદક અને પ્રકાશક**
હસમુખ પટેલ

**સહ સંપાદક**
ડૉ. મનિષ દોશી
વિજય દવે

RNI No. : 70957/1998
L-5/131/GAMC/1720/2021-23
**વર્ષ : ૧૬-૧૭**
**સળંગ અંક : ૪૮૧**
**20, April - 2023**

**રજિ. કાર્યાલય**
**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**
મંગલપ્રભાત બિલ્ડિંગ,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,
**અમદાવાદ**
E-mail : krutsankalp2015@gmail.com
**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**

**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**
વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,
આશ્રમરોડ, અમદાવાદ.

# પ્રમુખશ્રીનો સંદેશ



**ભાજપ** દ્વારા વિરોધ પક્ષો, સામાજિક સંગઠનો અને નાગરિકોને બળજબરી પૂર્વક ચૂપ કરાવવાનો અને તેમને દેશદ્રોહી જાહેર કરવાનો જે ટ્રેન્ડ ચાલ્યો છે તે ખતરનાક છે અને માટે જ સોનિયાજીએ એક તેજાબી લેખમાં જણાવ્યું છે કે વડા પ્રધાન મોદી અને તેમની સરકાર લોકશાહીના ત્રણેય સ્તંભને છિન્નભિન્ન કરી રહ્યા છે. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેજીએ પણ આંબેડકર જયંતિના રોજ એક નિવેદનમાં જણાવ્યું છે કે, અત્યારે આ માટે ગંભીર આત્મનિરીક્ષણ કરવાનો સમય છે. થોડાં દિવસ પહેલાં તેમણે કહ્યું હતું કે, હવે તમામ વિપક્ષોએ સંગઠિત થવાની જરૂર છે. તેમના નિવાસસ્થાને યોજાયેલી વિપક્ષોની બેઠકમાં તેમણે જણાવ્યું હતું કે, "હા, હવે સાથે રહીને લડીશું" આવું કહીને તેમણે ભાજપ સામે સંગઠિત થવા તમામ સમાન વિચારસરણી ધરાવતા રાજકીય પક્ષોને આવાહન કર્યું છે. આ બેઠકમાં રાહુલજીએ કહ્યું હતું કે, દેશની સંસ્થાઓ, બંધારણ અને લોકશાહીને બચાવવા માટેની વૈચારિક લડાઇમાં બધાં વિપક્ષોએ એક મંચ પર આવવું જ પડશે, આ વાત ખરેખર વર્તમાન સંદર્ભમાં સાચી છે.

કોરોનાની ૪થી લહેર હવે ડોકિયું કરી રહી છે, એમ છતાં ગુજરાત સરકાર અને તેનું આરોગ્ય તંત્ર બેફિકર છે અને તેનાં પેટનું પાણી હલતું નથી. ગુજરાત સહિત દેશભરમાં કોરોના સંક્રમણ જેટ ગતિએ ફેલાઈ રહ્યું હોવા છતાં રાજ્યના આરોગ્ય તંત્રની કોઇ તૈયારી નજરે પડતી નથી. માત્ર મોકડ્રિલની "નૌટંકી" કરવામાં આવી રહી છે. હોસ્પિટલ બેડ, ઓક્સિજન, કોરોના વોર્ડ, આઈસીયુ, કોરોના પરિક્ષણ સુવિધા, દવા-ઇન્જેક્શનો, વેક્સિનેશન વગેરે સુવિધાનું આગોતરું આયોજન કે તૈયારી કરવા માટે ગુજરાત સરકાર અને તેનું આરોગ્ય તંત્ર બિલકુલ ગંભીર જણાતું નથી.

મહાઠગ કિરણ પટેલ વર્ષો સુધી ગુજરાતમાં ખેલ કરતો રહ્યો ત્યારે ભાજપનું તંત્ર ક્યાં હતું ? કિરણ પટેલના ખેલમાં ભાજપના નેતાઓ જ શંકાના દાયરામાં છે. હવે પ્રશ્ન એ છે કે, શું કિરણ પટેલ સામે કડક પગલાં લેવાની તેમજ તેના ખેલમાં ભાજપના જે નેતાઓ સંડોવાયેલાં હોય તેમની સામે પણ પગલાં લેવાની ભાજપ સરકાર હિંમત દાખવશે ?

૨૨ એપ્રિલે પરશુરામ જયંતિ અને અક્ષય તૃતિયા છે, આ બંને પર્વ પર દેશના નાગરિકોને શુભેચ્છાઓ. ૨૨ એપ્રિલે રમઝાન ઇદ પ્રસંગે મુસ્લિમ બિરાદરોને ઇદ મુબારક. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને વિધાનસભા વિપક્ષના નેતા અમિતભાઈ ચાવડાને ૨૪ એપ્રિલે તેમના જન્મદિન નિમિત્તે હાર્દિક શુભકામનાઓ. ૧લી મેના રોજ ગુજરાત રાજ્યના સ્થાપના દિને મારા વહાલાં ગુજરાતી ભાઈ-બહેનોને હાર્દિક શુભેચ્છાઓ.


જય જય ગરવી ગુજરાત...

**જગદીશ ઠાકોર**
પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. - **નવલકથાકાર જોનગ્રિશમ**


STORY


NEWS
GANGSTER ATIQ AHMED


अडानी टॉप 10 अमीरों की सूची से हुए बाहर।
इतनी तेजी से तो मैं भी नहीं लुढ़कता...


I COULD BE ARRESTED!
WHY DON'T YOU CHANGE YOUR PARTY?


मुग़ल थे ही नहीं
मुग़ल थे ही नहीं
काजलकुमार


BURE DIN
ACHCHE DIN
ATMANIRBHAR BHARAT
AMRIT KAAL
@Yusuf

# ''હમ અદાની કે હૈં કૌન ?''

# વડા પ્રધાન નરેન્દ્ર મોદીને કોંગ્રેસના ૧૦૦ વેધક સવાલો...

## કોંગ્રેસ સરકાર મોદી સરકારના બિન લોકશાહી પગલાંઓથી વિચલિત થયા વગર વડા પ્રધાન અને તેમની સરકારની 'મિત્ર નીતિ' (ક્રોનિઝમ)ને ભારતની પ્રજા પ્રત્યે જવાબદાર ઠેરવવા માટે જે.પી.સી.ની માગણી માટે દબાણ કરવાનું ચાલુ રાખશે

**(પ્રકરણ-૧)**

**૨૦૧૪** વિશ્વના ૬૦૯માં નંબરના સૌથી ધનાઢ્ય વ્યક્તિમાંથી છલાંગ લગાવીને ૨૦૨૨માં વિશ્વમાં બીજા નંબરની સૌથી ધનાઢ્ય વ્યક્તિ બનવા સુધીની ગૌતમ અદાણીની જાદૂઈ સફર છેલ્લા નવ વર્ષમાં મોદી સરકારના મિત્રકાળનું ઉદાહરણ પૂરું પાડે છે. ૨૦૧૪ પહેલાંથી ગૌતમ અદાણી સાથે વડા પ્રધાનના સવિશેષ સંબંધોએ ભારતની પ્રજાના ભોગે આ કરજ-પ્રેરિત જબરદસ્ત વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ૫, ફેબ્રુઆરીથી ૨૨ માર્ચ-૨૦૨૩ દરમિયાન જાહેરમાં ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરીને ''હમ અદાની કે હૈં કૌન ?'' (HAHK) શ્રૃંખલા હેઠળ વડા પ્રધાનને ૧૦૦ વેધક સવાલો પૂછ્યા હતા. આ શ્રૃંખલામાં આ ૧૦૦ વેધક સવાલોનો સંચય છે જેના પર વડા પ્રધાને સંપૂર્ણ અને સજ્જડ મૌન ધારણ કર્યું છે. પ્રથમ પ્રકરણમાં વિદેશી શેલ (જાલી) કંપનીઓની જટિલ જાળ, શેરોના ભાવ સાથે ચેડાં-હેરાફેરી અને ગૌતમ અદાણીના મોટાભાઈ વિનોદ અદાણીની છત્રછાયામાં ચાલતાં શકમંદ વ્યવહારો દ્વારા અદાણી જૂથના આર્થિક અને નાણાકીય અપરાધોના આક્ષેપોને આવરી લેવામાં આવ્યા છે. બીજા પ્રકરણમાં વડા પ્રધાનને તેમની સરકારની પક્ષપાતી ખાનગીકરણની નીતિ પર સવાલો કરવામાં આવ્યા છે, જેના પગલે વિમાની મથકો, બંદરો, રાષ્ટ્રીય સુરક્ષા, કૃષિ અને શહેરી વિકાસ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં અદાણી જૂથની એકહથ્થુ ઈજારાશાહી માટે માર્ગ મોકળો કરવામાં આવ્યો હતો. ત્રીજા પ્રકરણમાં બાંગ્લાદેશ, ઈઝરાયલ, રશિયા, ઈટલી અને શ્રીલંકા સહિતના દેશોમાં અદાણી જૂથ માટે લોબિંગ કરવા મોદી સરકાર દ્વારા થયેલ વિદેશ નીતિના બેફામ દુરુપયોગ અંગે વડા પ્રધાનને વધુ પ્રશ્નો પૂછવામાં આવ્યાં છે. ચોથા પ્રકરણમાં દંભ અને નિયમનકર્તાઓ, નિયામકો અને સંસ્થાઓને ચૂપ કરી દેવાના મોદી સરકારના પગલાં સામે સવાલ કરવામાં આવ્યા છે અને આખરે પાંચમા પ્રકરણમાં ભારતની પ્રજાને જે જબરજસ્ત ખોટ અને નુકસાન ભોગવવું પડ્યું છે તેના પર ખામોશી તોડવા વડા પ્રધાનને જણાવાયું છે. અદાણીને મદદ કરવા માટે એલ.આઈ.સી., એસ.બી.આઈ. અને જાહેર ક્ષેત્રની અન્ય બેંકો દ્વારા જાહેર નાણાંના રોકાણ સાથે અણઘડ રીતે કામ લેવા બાબતે પણ



મૌન તોડવા વડા પ્રધાનને જણાવાયું છે.

''હમ અદાની કે હૈં કૌન ?'' શ્રૃંખલાનો થોડા દિવસ પહેલાં અંત આવી ગયો હોવા છતાં જાહેર પરીક્ષેત્રમાં વધુ ને વધુ માહિતી બહાર આવી રહી છે અને તેના કારણે વડા પ્રધાન સામે વધુ ને વધુ વેધક સવાલો ઊભા થઈ રહ્યાં છે. જેમ કે ૨૨ માર્ચ-૨૦૨૩થી 'ફાઈનાન્શિયલ ટાઈમ્સ'ના વિશ્લેષણાત્મક અહેવાલ દર્શાવે છે કે અદાણી સાથે સંકળાયેલી અપારદર્શક વિદેશી કંપની-સંસ્થાઓએ અદાણી ગ્રૂપની કંપનીઓમાં ૨૦૧૭ અને ૨૦૨૨ વચ્ચે રૂ.૨૦,૦૦૦ કરોડ કરતાં વધુ રોકાણ કર્યું હતું અને તેમ છતાં વડા પ્રધાન અને આ ભંડોળના સ્ત્રોત પર સામાન્યતઃ અતિ સક્રિય એવી તેમની તપાસ એજન્સીઓની ફોજ તરફથી કોઈ જવાબ મળતાં નથી. તેના બદલે જાહેરમાં ઉપલબ્ધ અને સત્યતાની

**૨૦૧૪ બાદ ગૌતમ અદાણીની નેટવર્થ ૮ અબજ ડોલરથી વધીને ૧૪૦ અબજ ડોલર કેવી રીતે થઈ? તેઓ વિશ્વના ધનાઢ્યોની યાદીમાં ૬૦૯માં નંબરે હતા ત્યાંથી જાદુઈ છલાંગ લગાવીને વિશ્વમાં બીજા નંબરના સૌથી ધનાઢ્ય કઈ રીતે બની ગયા ?**


ખાતરી કરી શકાય તેવી હકીકતો પર આધારિત અમારા નેતાઓ શ્રી મલ્લિકાર્જુન ખડગે અને શ્રી રાહુલ ગાંધીના વક્તવ્યોને સંસદીય રેકોર્ડમાંથી બાદબાકી કરવામાં આવી છે. જે રીતે ઉપજાવી કાઢેલા અપરાધિક માનહાની કેસમાં રાહુલ ગાંધીને જે ઝડપથી દોષિત ઠરાવાયા હતા અને તેમના ઐતિહાસિક સંસદીય ભાષણના થોડાં સપ્તાહમાં જે રીતે તેમને સાંસદપદેથી ગેરલાયક ઠરાવાયા હતા, તે જોતા એક વાત સ્પષ્ટ છે કે વડા પ્રધાન તેમના દ્વારા પૂછવામાં આવતા સવાલોથી કેટલા ગભરાઈ ગયા છે.

સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં જેનો કોઈ જોટો જડે એવા નથી એવા આ અદાણી કૌભાંડનું પ્રમાણ, ઊંડાઈ અને જટિલતા સંયુક્ત સંસદીય સમિતિ (જે.પી.સી.) દ્વારા ગહન અને તલસ્પર્શી તપાસ માગી લે છે. સુપ્રીમ કોર્ટની નિષ્ણાત સમિતિ તપાસ સંસ્થાઓ પર વિધિવત્ અધિકાર ક્ષેત્ર ધરાવતી નથી અને તેના કાર્યક્ષેત્રમાં ગૌતમ અદાણીને સમૃદ્ધ બનાવવામાં વડા પ્રધાનની ભૂમિકાને તપાસવાની બાબતનો સમાવેશ થતો નથી. કોંગ્રેસ સરકાર મોદી સરકારના બિન લોકશાહી પગલાંઓથી વિચલિત થયા વગર વડા પ્રધાન અને તેમની સરકારની 'મિત્ર નીતિ' (ક્રોનિઝમ)ને ભારતની પ્રજા પ્રત્યે જવાબદાર ઠેરવવા માટે જે.પી.સી.ની માગણી માટે દબાણ કરવાનું ચાલુ રાખશે.

### ૧. અદાણી જૂથ વિરુદ્ધ નાણાકીય અપરાધોના ગંભીર આક્ષેપો

### વિદેશી શેલ (જાલી) કંપનીઓ, શેરબજારમાં હેરાફેરી અને વિનોદ અદાણી

પ્ર.૧ : પનામા પેપર્સ અને પેન્ડોરા પેપર્સમાં ગૌતમ અદાણીના ભાઈ વિનોદ અદાણીનું નામ ચમક્યું હતું કે જેઓ બહામા અને બ્રિટિશ વર્જિન આઈલેન્ડમાં વિદેશી કંપનીઓનું સંચાલન કરતાં હતાં. તેમણે વિદેશી જાલી કંપનીઓની વિશાળ જાળ બિછાવીને શેરબજારમાં નિર્લજ્જ હેરાફેરી અને તેના હિસાબોમાં ગોટાળાં કર્યા હોવાનો આક્ષેપ છે. તમે એક બાજુ ભ્રષ્ટાચાર સામે લડવાની તમારી નિષ્ઠા અને નિયતની વાત કરો છો અને બીજી બાજુ આપની પ્રવૃત્તિને કારણે લાવવામાં



આવેલી નોટબંધીને કારણે રાષ્ટ્રને ભારે કિંમત ચૂકવવી પડી છે. તમારા મિત્રો - અદાણીઓ સામે હવે ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે - તમારા દ્વારા કરાવવામાં આવી રહેલી તપાસની ગુણવત્તા અને નિષ્પક્ષતા અંગે આ બધું શું કહી જાય છે ?

**પ્ર.૨ :** હિંડનબર્ગ રિપોર્ટમાં અનેક શેલ (જાલી) કંપનીઓએ અદાણીમાં રોકાણ કર્યાની ચોંકાવનારી વિગતો આપી છે. આ કંપનીઓના ખાસ કરીને મોરેશિયસ સ્થિત કંપનીઓના માલિક કોણ છે ? ભારતમાં તેઓ જે કરોડો રૂપિયાનું રોકાણ કરે છે. તે રૂપિયા કોના છે ? અદાણી કંપનીઓ, બંદરો, વિમાની મથકો અને સંરક્ષણ સહિત મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં સંચાલન સંભાળે છે. આથી શું સરકારે આ કંપનીઓ કોની માલિકીની છે અને તેમાં કોણે નાણાં રોક્યા છે તે જાણવું જોઈએ નહીં ?

**પ્ર.૩ :** ૨૦૧૪ બાદ ગૌતમ અદાણીની નેટવર્થ ૮ અબજ ડોલરથી વધીને ૧૪૦ અબજ ડોલર કેવી રીતે થઈ ? તેઓ વિશ્વના ધનાઢ્યોની યાદીમાં ૬૦૯માં નંબરે હતા ત્યાંથી જાદુઈ છલાંગ લગાવીને વિશ્વમાં બીજા નંબરના સૌથી ધનાઢ્ય કઈ રીતે બની ગયા ? અદાણીએ છેલ્લા ૨૦ વર્ષમાં ચૂંટણી બોન્ડ દ્વારા ભાજપને કેટલાં નાણાં આપ્યાં છે ?

**પ્ર.૪ :** અદાણી ગ્રૂપની કંપનીઓએ સેબીના નિયમોનો ભંગ કરીને વિદેશી શેલ કંપનીઓ અને સંબંધિત પાર્ટીઓનો ઉપયોગ કરીને તેમને રોકાણ ફંડ તરીકે રજૂ કરીને શેરોના ભાવોમાં અનેક મોટી હેરાફેરી કરી છે. તેમાં એક ધ્યાન ખેંચનારો કેસ મોન્ટેરોસા ગ્રૂપનો છે કે જેની પાસે અદાણી ગ્રૂપના ૪.૫ અબજ ડોલરની (રૂ.૩૭ હજાર કરોડ) કિંમતના શેર હતા. આ સ્વતંત્ર મનાતી કંપનીના સીઈઓ ભાગેડું હીરાના વેપારી સાથે સંબંધ ધરાવતા હતા કે જેમના પુત્રએ વિનોદ અદાણીની પુત્રી સાથે લગ્ન કર્યાં છે.

એ જ રીતે મોટા ફંડોએ અદાણી જૂથની કંપનીઓમાં અસાધારણ રીતે અલગથી રોકાણ કર્યું છે. જેમ કે- એલારા કેપિટલની વાત કરીએ તો એમાં બ્રિટનના પૂર્વ વડા પ્રધાન બોરિસ જોનસનના ભાઈ અને પૂર્વ કોન્ઝર્વેટિવ પક્ષના પ્રધાન જો જોનસન હજુ હમણાં સુધી ડાયરેક્ટર હતા. એલારા કેપિટલ પાસે અદાણી ગ્રૂપમાં ૩ અબજ ડોલરની (રૂ.૨૪,૩૦૦ કરોડ) કિંમતના શેર હતા. નાણાં મંત્રાલયે સંસદમાં જણાવ્યું હતું કે, સેબીએ ૨૦૧૬માં મોન્ટેરોસા ગ્રૂપ દ્વારા સંચાલિત કેટલાંક ફંડનાં ખાતાઓ ફ્રીઝ કર્યાં હતાં, પરંતુ ત્યાર બાદ તેમની સામે આગળની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

સેબીએ આ બધી શંકાસ્પદ બેનામી કંપનીઓમાં યોગ્ય તપાસ કરવા માટે શું કાર્યવાહી કરી છે ? અદાણી ગ્રૂપ ભારતની નિયમનકર્તા અને તપાસ સંસ્થાઓને સત્ય જાહેર કરતાં કેમ અટકાવી રહ્યું છે ? ગૌતમ અદાણીએ ઑક્ટોબર-૨૦૨૨માં સેબીના ચેરપર્સન માધવી પૂરી બુચ સાથે રૂબરૂ મળીને શું ચર્ચા કરી હતી ?

**પ્ર.૫ :** સેબીએ ૧૯૯૯ થી ૨૦01 વચ્ચે અદાણી એક્સપોર્ટના (જે હવે અદાણી એન્ટરપ્રાઈઝિસ તરીકે ઓળખાય છે) શેરોમાં મોટા પાયે થયેલી હેરાફેરી અને ઉતાર-ચઢાવમાં તપાસ કરી હતી. ૨૦૦૭માં સેબીને જાણવા મળ્યું હતું કે શેરબજારના નામચીન કૌભાંડી કેતન પારેખ (કે.પી.) સાથે



સંકળાયેલ કંપનીઓએ સિન્ક્રોનાઇઝડ ટ્રેડિંગ/ સરક્યુલર ટ્રેડિંગ અને કૃત્રિમ વોલ્યૂમ ઊભાં કરવા જેવી હેરાફેરી યુક્ત પ્રયુક્તિઓ કરીને અદાણીની સ્ક્રિપ્ટના ભાવને પ્રભાવિત કર્યાં હતાં. એવું પણ જાણવા મળ્યું હતું કે, અદાણી ગ્રૂપના પ્રયોજકોએ બજારને મેનિપ્યુલેટ કરવા કેતન પારેખની કંપનીઓને મદદગારી કરી હતી.

અદાણી ગ્રૂપ સામે હાલ જે આક્ષેપો થઈ રહ્યાં છે તેમાં અને આ કૌભાંડ વચ્ચે સામ્યતા છે. સિવાય કે, આ વખતે શેરબજારમાં શકમંદ વિદેશી કંપનીઓ દ્વારા હેરાફેરી કરાઈ હતી. સેબીએ ગંભીર તપાસ કર્યા વગર ૨૦૨૦ બાદ અદાણી ગ્રૂપના શેરોના ભાવમાં થયેલ અસાધારણ વધારાને કેમ ચલાવી લીધો ? અને તેના પર અંકુશ મૂકવાનો કેમ પ્રયાસ કર્યો નહીં ?

**પ્ર.૬ :** તાજેતરના ઘટસ્ફોટ એવો નિર્દેશ આપે છે કે, અપરાધી શેર દલાલ કેતન પારેખને હજુ પણ અદાણી ગ્રૂપ સાથે સાંઠગાંઠ છે. તેમના એક નિકટના સંબંધીએ એલારા કેપિટલ સાથે કામ કર્યું છે. એલારા કેપિટલને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ધર્મેશ દોશી સાથે પણ સંબંધો છે કે જેઓ કેતન પારેખના એક સાથી હતા કે જેઓ ૨૦૦૨માં ભારતમાંથી ફરાર થઈ ગયા છે. શું સરકાર કેતન પારેખ અને અદાણી ગ્રૂપ વચ્ચે આ પ્રકારની નવી સંતલસ સામે આંખ આડા કાન કરી રહી છે કે જેમને ૨૫ વર્ષ જૂના સંબંધો છે ?

**પ્ર.૭ :** કેતન પારેખ અને અદાણી વચ્ચે આ પ્રકારનાં અનેક સંબંધો જોતાં તમારું પ્રિતીપાત્ર બિઝનેસ ગ્રૂપ ફરી વખત વૈશ્વિક સ્તરે આ જ પ્રકારનું બીજું કૌભાંડ આચરીને કેમ છટકી શક્યું ?

**પ્ર.૮ :** તમારા પ્રિતીપાત્ર બિઝનેસ ગ્રૂપ દ્વારા અને તમારી દેખીતી સામેલગીરીના લીધે આ પ્રકારની બેફામ છેતરપિંડીના કારણે ભારતની પ્રતિષ્ઠાને કેટલું નુકસાન થયું છે ?

**પ્ર.૯ :** વિનોદ અદાણી દ્વારા નિયંત્રિત મનાતી શેલ (જાલી) કંપનીઓએ અદાણી ગ્રૂપની કંપનીઓમાં વિશાળ નાણાં ભંડોળ ઠાલવ્યું છે. રેકોર્ડ દર્શાવે છે કે, યુ.એ.ઇ. સ્થિત ઇમર્જિંગ માર્કેટ ઇન્વેસ્ટમેન્ટ ડી.એમ.સી.સી.એ ૨૦૨૧-૨૨માં અદાણી પાવરની સબસિડીયરી મહાન એનર્જેનને રૂ.૭,૯૧૯ કરોડની લોન આપી હતી એ જ વર્ષે અદાણી ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મોરેશિયસ સ્થિત ગાર્ડનિયા ટ્રેડ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ તરફથી રૂ.૫,૧૪૫ કરોડ મળ્યા હતા. આ બંને સંસ્થાઓ વિનોદ અદાણી સાથે સંબંધ ધરાવે છે. કોઈ આકર્ષક બિઝનેસ ઓપરેશન નહીં હોવા છતાં બંને કંપનીઓ અદાણી ગ્રૂપને જંગી રકમ ઉછીની આપી શકી હતી. શું તમારી સેવામાં કામ કરતી તપાસ સંસ્થાઓની ફોજ દ્વારા આ મામલો તપાસને પાત્ર નથી ?

**પ્ર.૧૦ :** ન્યૂ લિઆના એ એક સાયપ્રસ સ્થિત કંપની છે કે જેનું અદાણી ગ્રૂપની કંપનીઓમાં ૯૫ ટકા જેટલું (૪૨૦ મિલિયન અમેરિકન ડોલર) રોકાણ છે. આ ફંડના આખરી લાભાર્થી માલિકો ફાયનાન્શિયલ સર્વિસીઝ કંપની અમિકોર્પ સાથે સંકળાયેલ છે. અમિકોર્પે ઓછામાં ઓછી અદાણીની ૭ કંપનીઓ, ૧૭ વિદેશી શેલ કંપનીઓ સ્થાપી હોવાનું માનવામાં આવે છે. જે વિનોદ અદાણી સાથે સંકળાયેલ છે તેમજ ત્રણ મોરેશિયસ સ્થિત વિદેશી કંપનીઓ સ્થાપી છે જેઓ અદાણી ગ્રૂપના શેરમાં રોકાણકાર છે. અમિકોર્પ 'આઈ.એમ.ડી.બી.' કૌભાંડમાં સંડોવણી માટે કુખ્યાત છે કે જેમાં વરિષ્ઠ રાજકીય હસ્તીઓ દ્વારા મલેશિયાના સોવરિન વેલ્થ ફંડમાંથી ૪.૫ અબજ અમેરિકન ડોલરની ઉચાપત કરીને નાણાં ભંડોળનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. અમિકોર્પની એક કંપની આ કૌભાંડમાં સંડોવાયેલી હતી. આ કૌભાંડમાં સંડોવાયેલ અમી કોર્પની આ કંપની હજુ હમણાં સુધી ન્યૂ લિઆનામાં શેરધારક હતી. શું અદાણી ગ્રૂપ અને અન્ય ઔદ્યોગિક ગૃહો ભારતમાં રાજકીય રીતે સંકળાયેલા નેતાઓની તિજોરીમાં જાહેર નાણાંને ભરવા માટેનાં વૈશ્વિક ભ્રષ્ટાચારી તંત્રમાં સંડોવાયેલા છે ? ■ **(ક્રમશઃ)**

# હિંડનબર્ગ અહેવાલે અદાણીના ફુગ્ગામાં ચારે બાજુથી ટાંકણીઓ મારી

**હિંડનબર્ગનો રિપોર્ટ અને અદાણીની ધુલાઈએ બીજી એક બાબત પણ છતી કરી છે, એ છે કે આ દેશમાં મોરેશિયસના રસ્તેથી આવતું જંગી રોકાણ, શું આ બધાં કોયડાઓનો ઉકેલ અદાણી મામલે તપાસ કરી રહેલી પેલી નિષ્ણાત કમિટીના અહેવાલમાં મળી રહેશે કે પછી 'ઘીના ઠામમાં ઘી પડી રહેશે ?'**

**હિંડનબર્ગ** દ્વારા અદાણી સામ્રાજ્ય પર છોડવામાં આવેલું મિસાઈલ નિશાન પર લાગ્યું છે, જેના પરિણામે અદાણી દ્વારા જે આડેધડ વિસ્તરણ કરવામાં આવી રહ્યા હતા તેના પર બ્રેક વાગશે. આમ, બ્લૂમ્બર્ગે જણાવ્યા મુજબ હિંડનબર્ગના ધડાકાએ હાલ પૂરતાં તો અદાણીના પાયા હચમચાવી નાખ્યા છે.

બ્લૂમબર્ગ વિશ્વની એક પ્રતિષ્ઠિત સમાચાર અને ફાઈનાન્શિયલ બાબતોની આધારભૂત માહિતી આપતી એજન્સી ગણાય છે. તેના એક અહેવાલ મુજબ હિંડનબર્ગનો બોમ્બ ધડાકો થયા બાદ અદાણી એની મસમોટી મહત્ત્વાકાંક્ષાઓમાંથી પારોઠનાં પગલાં ભરે છે. આ માટે આ ઉદ્યોગપતિ પોતાના મુખ્ય હેતુઓ સાથે સુસંગત ન હોય તેવા (નોન-કોર) વિસ્તરણો પર લગામ નાખીને માત્ર પાર્ટ્સ અને વીજળી ક્ષેત્રે પોતાનું ધ્યાન કેન્દ્રીત કરશે.

આજની તારીખમાં અદાણી ગ્રૂપ અત્યંત ઝીણવટભરી રાજકીય તેમજ રોકાણકારો દ્વારા કરાતી સ્ક્રુટિની એટલે કે ચકાસણી હેઠળથી પસાર થઈ રહ્યું છે. ગૌતમ અદાણીના આડેધડ એક્વિઝિશન સામે શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતોએ ભારતના આ અબજોપતિના સામ્રાજ્યની સામે તેમજ તેમાં આવી રહેલા ધોધમાર રોકાણ સામે પ્રશ્નો ઊભા કર્યા છે.




હિંડનબર્ગના આક્ષેપોએ વર્ષો સુધી અદાણી ગ્રૂપ દ્વારા આચરવામાં આવી રહેલી કોર્પોરેટ છેતરપિંડીને આ રિપોર્ટે ખુલ્લી પાડી છે, જેને પરિણામે જાન્યુઆરી-૨૦૨૩ બાદ અદાણી ગ્રૂપની ૧૨૫ અબજ ડોલર જેટલી બજાર કિંમતનું ધોવાણ થયું છે. આ પરિસ્થિતિએ અદાણીને તેમના વિસ્તરણ અંગેના આક્રમક અને મહત્ત્વાકાંક્ષી આયોજનોમાંથી પારોઠના પગલાં ભરવા ફરજ પાડી છે, એવું કંપનીના આંતરિક વર્તુળોની હલચલથી માહિતગાર વર્તુળોનું કહેવું છે.

અદાણી જૂથે ભારતના કોર્પોરેટ જગતના ઈતિહાસમાં જંગી દેવું કરીને નવી કંપનીઓ હસ્તગત કરવાનું અને વિકાસ માટેનાં નવા વિસ્તારોમાં પ્રવેશવાનું

શરૂ કર્યું હતું તેમાંથી હવે પાછું હટી રહ્યું છે. દા.ત. કોલસામાં પલીવિનાયલ ક્લોરાઇડ (પીવીસી) બનાવવાનો ચાર અબજ ડોલરનો તેનો 'કોલ ટુ પીવીસી' પ્રોજેક્ટ જે મુંદ્રામાં સ્થપાવાનો હતો તે પડતો મૂકવામાં આવ્યો છે એવું અંદરની માહિતી ધરાવતા કેટલાંક લોકોએ પોતાનું નામ નહીં આપવાની શરતે બ્લૂમ્બર્ગને કહ્યું છે.

અદાણી હવે તેમની મહત્ત્વાકાંક્ષા જે મુજબ મોટા પાયે એલ્યુમિનિયમ તેમજ સ્ટીલનું ઉત્પાદન અને રોડ પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવા ધારતા હતા તેને પણ બ્રેક લાગશે. આને બદલે હવે ગૌતમ અદાણી પોતાના કોર કોમ્પિટન્સી એટલે કે કેન્દ્રીકૃત ક્ષમતા પર ધ્યાન આપી પોતાનો ધંધો કરવાની રીત બદલશે એવું દેખાય છે.

હવે કદાચ અદાણી 'દેવું કરીને ઘી પીવાનો' એટલે કે નવા સાહસો હસ્તગત કરવાનો મિજાજ બદલશે. આને કારણે એમણે પોતાના કુટુંબના ૨.૧૫ અબર ડોલરના શેર

**અદાણી ગ્રૂપ દ્વારા આચરવામાં આવી રહેલી કોર્પોરેટ છેતરપિંડીને આ રિપોર્ટે ખુલ્લી પાડી છે, જેને પરિણામે જાન્યુઆરી-૨૦૨૩ બાદ અદાણી ગ્રૂપની ૧૨૫ અબજ ડોલર જેટલી બજાર કિંમતનું ધોવાણ થયું છે**

પોતે માર્જિન લિંક અથવા શેર તારણમાં મૂકીને લીધેલું દેવું ભરવા વેચવા પડ્યા છે, તેમાંથી કદાચ ગૌતમ અદાણી કાંઈક પાઠ શીખશે.

લાગે છે કે હવે આવનારા સમયમાં અદાણી નાણાં ઊભા કરવાની પોતાની ક્ષમતા ખાનગી ધોરણે કરવામાં આવેલા બોન્ડના પ્લેસમેન્ટ અથવા કોઈ ચોક્કસ રોકાણકારને પોતાની શેરમૂડીમાંથી વેચાણ કરીને બ્લોક ડીલથી ઊભા કરશે, જેનું તાજેતરનું ઉદાહરણ રાજીવ જૈનને (GQG) પાર્ટનર્સને અદાણી દ્વારા વેચવામાં આવેલ શેર મૂડી છે. આ વ્યવસ્થા થકી ઊભી થયેલી રોકડ કંપની અદાણી સામ્રાજ્યને અણધાર્યા ચઢાવ-ઉતારથી ગ્રસિત શેરબજાર સામે રક્ષણ આપશે.

અત્યારે એવું દેખાય છે કે હિંડનબર્ગ દ્વારા અદાણી સામ્રાજ્ય પર છોડવામાં આવેલું મિસાઈલ નિશાન પર લાગ્યું છે, જેના પરિણામે અદાણી દ્વારા જે આડેધડ વિસ્તરણ કરવામાં આવી રહ્યા હતા તેના પર બ્રેક વાગશે. આમ, બ્લૂમ્બર્ગે જણાવ્યા મુજબ હિંડનબર્ગના ધડાકાએ હાલ પૂરતા તો અદાણીના પાયા હચમચાવી નાખ્યા છે.

અદાણી જે રીતે રોકેટ ગતિથી વિસ્તરણ અને હસ્તાંતરણ (એક્સપાન્શન એન્ડ એક્વિઝિશન) કરી રહ્યા હતા તેને હાલ પૂરતી જોરદાર બ્રેક વાગી હોય તેવું લાગે છે. બ્લૂમ્બર્ગ દ્વારા રજૂ કરવામાં આવેલ માહિતી મુજબ ૨૦૨૨ સુધી અદાણીનો સિતારો ઝગમગતો હતો. અદાણીની પ્રતિષ્ઠા અને સંપત્તિનો આંકડો સાતમા આસમાને પહોંચી ગયો હતો. ત્યાં સુધી કે એક વખત એવો આવ્યો કે જ્યારે અદાણી એશિયાના સૌથી ધનાઢ્ય વ્યક્તિ બન્યા અને તેમનાં રોકાણો ચીલાચાલુ ભારે આંતરમાળખાકીય સવલતો, મીડિયા સમેત, મહિલા ક્રિકેટ અને ડેટા સેન્ટર જેવાં વિવિધ ક્ષેત્રે સડસડાટ વધી રહ્યાં હતાં.

હિંડનબર્ગ અહેવાલના કારણે જે ધરતીકંપનો આંચકો આવ્યો તેના લીધે હવે દેવા પર આધારિત વૈવિધ્યીકરણ તેમજ નવા સાહસોને હાલ પૂરતા અભેરાઈએ ચડાવી પોતાના આત્મવિશ્વાસને પુનઃજીવિત કરવા ગૌતમ અદાણી કામે લાગ્યા છે.

અદાણી ગ્રૂપે ન્યૂ દિલ્હી ટેલિવિઝન લિ. નામની ટી.વી. ચેનલમાં કન્ટ્રોલિંગ હિસ્સો હસ્તગત કર્યો ત્યારે અદાણીએ હુંકાર કર્યો હતો કે 'ફાઈનાન્શિયલ ટાઈમ્સ' અથવા 'ભારતીય અલ ઝઝીરા' જેવી ચેનલ ઊભી કરવાની દિશામાં તેમણે પહેલું પગલું ભર્યું હતું પણ ત્યારબાદ જે પછડાટ વાગી તેને કારણે હવે તેઓ મીડિયામાં વધારે રોકાણ કરે તેવું હાલ પૂરતું દેખાતું નથી, પછી, આ તો અદાણી છે !

દેવહુમા નામનું એક પક્ષી પોતાની રાખમાંથી બેઠું થાય છે. શું ગૌતમ અદાણીની અમાપ મહત્ત્વાકાંક્ષા વળી પાછા તેમને મૂળ સ્થાને પુનઃ સ્થાપિત કરશે ? શું અદાણી આ માટે જરૂરી નાણાં એમના પર દાવ લગાવનારાઓ પાસેથી ઊભા કરી પાછા એશિયાના ટોચના ધનપતિ બનવા તરફ પ્રવૃત્ત થશે ? અત્યાર સુધી ગૌતમ અદાણી

**હિંડનબર્ગ રિપોર્ટ અદાણીની ધરતીમાં મોટો ધરતીકંપ સર્જી ગયો પણ એની અસરોમાંથી બહાર આવવા તે જ ક્ષણથી ડેમેજ કંટ્રોલ સિસ્ટમ પ્રવૃત્ત છે, સુપ્રીમ કોર્ટની સમિતિનો અહેવાલ આવશે પણ અદાણીનો વિસ્તાર અને વિકાસ ૧૯૯૦ના દાયકા પછીના ત્રણ દાયકામાં થયો છે તે જોતાં જે તે સમયની કેન્દ્ર અને રાજ્ય સરકારના સહકાર વગર આ શક્ય બન્યું હોત ખરું ? કદાચ હાલની કેન્દ્ર સરકાર અને ગૌતમ અદાણી બંને પક્ષે આજે જે આત્મવિશ્વાસ દેખાય છે તેનું કારણ 'હમામ મેં સબ નંગે હૈ' એ કહેવત અનુસાર અદાણીની વહેતી ગંગામાં વત્તા ઓછા બધાએ હાથ ધોયા હશે એવું બની શકે, સાચું-ખોટું તો રામ જાણે !**

એક રહસ્યમય વ્યક્તિત્વ રહ્યું છે. અદાણીને દેશની રાજનીતિમાં જુદાં જુદાં પક્ષની મોટી મોટી હસ્તીઓ સાથે તાલમેલ રાખી એક સાથે એક કરતાં વધુ ઘોડે સવારી કરવાનું ફાવી ગયું છે, ત્યારે અદાણી હવે શું કરશે તે પ્રશ્ન ચોક્કસ ઊભો થવાનો.

સાઉથ એશિયા ઈન્સ્ટિટ્યૂટ જે વોશિંગ્ટન સ્થિત વિલ્સન સેન્ટર ખાતે આવેલી છે, તેના ડિરેક્ટર માઈકલ ઉગલમેન કહે છે, ''એવું માનવાને ઘણાં બધાં કારણો છે કે, અદાણીની કંપની ડેમેજ કંટ્રોલ એક્સર્સાઈઝના ભાગરૂપે થોડી પાછી હટશે. એ ઉપરાંત બીજા શેરહોલ્ડર અને ખૂબ મોટી સંખ્યામાં નાના શેરહોલ્ડરોની લાગણીનો પણ અદાણીને ખ્યાલ રાખવાનો રહેશે.'' ઉગલમેનના મત અનુસાર 'રેપ્યુટેશનલ કન્સિડરેશન્સ આર ક્રિટિકલ' એટલે કે પ્રતિષ્ઠાને લગતી બાબતોને લગતી સભાનતા પણ મહત્ત્વની બની રહેશે. ઉગલમેનની વાત સાથે સંમત થઈએ તો આપણે ત્યાં ઉપયોગમાં લેવાતી કહેવત, ''બુંદ સે ગઈ હોજ સે નહીં આતી'' યાદ આવે ખરી ?

અદાણીએ હિંડનબર્ગના બધા જ આક્ષેપોને નકારી કાઢ્યા છે. અદાણીએ એમ પણ કહ્યું હતું કે આ ભારતની પ્રતિષ્ઠા પર હુમલો છે, અદાણી ગ્રૂપના બીજા પ્રતિનિધિઓએ આ અંગે કોઈ ટિકા-ટિપ્પણ કરી નથી.

એક ઈ-મેલ થકી અદાણી ગ્રૂપે એવી જાહેરાત કરી છે કે, તે પોતાનો ધંધો વધારવા માટે કૃતનિશ્ચયી છે. આ વૃદ્ધિ અદાણી ગ્રૂપની તાકાત અને પાયાની ક્ષમતાઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવશે. હજુ ગયા અઠવાડિયે જ અદાણી ગ્રૂપે એવી જાહેરાત કરી છે કે તે કોલસામાંથી પીવીસી બનાવવાનો પોતાનો નવો નક્કોર (ગ્રીન ફિલ્ડ) પ્રોજેક્ટ માટેનું રોકાણ આવનાર છ મહિનામાં ઊભું કરવામાં આવશે.

આ સાથે જ અદાણી ગ્રૂપે કેટલાંક સમય પહેલાં માધ્યમોમાં ચર્ચાતા અહેવાલ, જે મુજબ અદાણીએ કોલસામાંથી પીવીસી બનાવવાનો પ્રોજેક્ટ પડતો મૂક્યો છે, તે વાતને રદિયો આપ્યો હતો. હજુ પણ અદાણી હિંડનબર્ગની જાહેરાતને પગલે આવેલી આ ઘટનાને જરા પણ પ્રભાવિત નહીં કરનારી ગણતા હોય તેવું લાગે છે. શેર મૂડીમાં ૧૨૫ અબજ ડોલર જેટલી બજાર કિંમત ધરાવતી ક્ષમતા જાન્યુઆરી-૨૦૨૩માં પાણીના પરપોટાની જેમ ફૂટી જાય ત્યાર બાદ પણ આટલી બધી હિંમત અને સ્વસ્થતા અદાણી પાસે તેના વિકલ્પો છે, એ વાત તરફ અંગુલિનિર્દેશ કરે છે.

હિંડનબર્ગનો રિપોર્ટ અને અદાણીની ધુલાઈએ બીજી એક બાબત પણ છતી કરી છે. એ છે કે આ દેશમાં મોરેશિયસના રસ્તેથી આવતું જંગી રોકાણ. શું આ બધાં કોયડાઓનો ઉકેલ અદાણી મામલે તપાસ કરી રહેલી પેલી નિષ્ણાત કમિટીના અહેવાલમાં મળી રહેશે કે પછી 'ઘીના ઠામમાં ઘી પડી રહેશે ?' સાચું-ખોટું તો સમય કહેશે.

એવું માનવાવાળો વર્ગ પણ છે કે, હિંડનબર્ગ રિપોર્ટ અદાણીની ધરતીમાં મોટો ધરતીકંપ સર્જી ગયો પણ એની અસરોમાંથી બહાર આવવા તે જ ક્ષણથી ડેમેજ કંટ્રોલ સિસ્ટમ પ્રવૃત્ત છે. સુપ્રીમ કોર્ટની સમિતિનો અહેવાલ આવશે પણ અદાણીનો વિસ્તાર અને વિકાસ ૧૯૯૦ના દાયકા પછીના ત્રણ દાયકામાં થયો છે તે જોતાં જે તે સમયની કેન્દ્ર અને રાજ્ય સરકારના સહકાર વગર આ શક્ય બન્યું હોત ખરું ? કદાચ હાલની કેન્દ્ર સરકાર અને ગૌતમ અદાણી બંને પક્ષે આજે જે આત્મવિશ્વાસ દેખાય છે તેનું કારણ 'હમામ મેં સબ નંગે હૈ' એ કહેવત અનુસાર અદાણીની વહેતી ગંગામાં વત્તા ઓછા બધાએ હાથ ધોયા હશે એવું બની શકે. સાચું-ખોટું તો રામ જાણે ! ■

## ગુજરાત સરકારને 'કેગ'નો સવાલ

# રૂ.૧.૧૮ લાખ કરોડની જંગી 'ગ્રાન્ટસ'ના લાભાર્થીઓ કોણ કોણ ?

### 'કેગ'ના રિપોર્ટમાં ફટકાર : ગુજરાત સરકારે ૨૦૧૭ થી ૨૦૨૨ દરમિયાન 'અન્યો'ને કેટેગરી હેઠળ ફાળવેલી કરોડો રૂપિયાની 'ગ્રાન્ટસ'ના લાભાર્થીઓની વિગતો જાહેર નહીં કરીને 'ઢાંકપિછોડો' કર્યો છે

**: 'કેગ'નો સવાલ :**

**ધ** કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ) ઓફ ઇન્ડિયાએ ગુજરાત સરકાર પર ૨૦૧૭થી ૨૦૨૨ દરમિયાન 'અન્યો' મથાળા હેઠળ વિવિધ એજન્સીઓ, સંગઠનોને પૂરી પાડેલી રૂ.૧.૧૮ લાખ કરોડની 'ગ્રાન્ટ્સ' (અનુદાન)ની વિગતોની માહિતી જાહેર નહીં કરીને તેને રોકી રાખવાનો આરોપ મૂક્યો છે. દર વર્ષે રાજ્ય સરકાર સ્થાનિક સંસ્થાઓ અને અન્યો સંસ્થાઓને 'ગ્રાન્ટ્સ-ઇન-એડ' અર્થાત્ સહાય-અનુદાન દ્વારા પગારો અને ભથ્થાઓ, પરચુરણ ખર્ચાઓને પહોંચી વળવા અને મૂડીગત અસ્કયામણો (કેપિટલ એસેટ્સ) ઊભી કરવા માટે પૂરી પાડવામાં આવતી નાણાકીય સહાય હેઠળ 'અન્યો'ને ગ્રાન્ટ્સ આપતી આવી છે.




સ્થાનિક શહેરી સંસ્થાઓ (અર્બન લોકલ બોડીઝ-યુ.એલબી), પંચાયતી રાજ સંસ્થાઓ (પીઆરઆઈ) અને સ્વૈચ્છિક સંગઠનો (એનજીઓ)ને દર વર્ષે આપવામાં આવેલી નાણાકીય સહાયમાંથી કુલ વિતરણ કરવામાં આવેલી રકમના ૩૫-૩૮ ટકા આ અનિર્દિષ્ટ એટલે કે અનામી 'અન્યો'ને ચૂકવવામાં આવી છે. 'કેગ'એ તેને રાજ્ય સરકાર દ્વારા 'ગેરવહીવટ' આચરવામાં આવ્યો હોવાનો આરોપ મૂક્યો છે. એકલા ૨૦૨૧-૨૨માં જ રાજ્ય સરકારે 'અન્યો' મથાળા હેઠળ અનામી સંગઠનો અને સંસ્થાઓને રૂ.૨૪,૭૬૪.૫૪ કરોડનું વિતરણ કર્યું હતું.

એ આવશ્યક છે કે જો 'ગ્રાન્ટ-ઇન-એડ' એટલે કે 'સહાય અનુદાન' રાજ્યના કુલ ખર્ચનો મહદઅંશે ભાગ હોય તો ખાતાઓની (એકાઉન્ટસ) પારદર્શિતાના હિતમાં અનુદાન (ગ્રાન્ટ્સ) પ્રાપ્ત કરનારી સંસ્થાઓની માહિતી અને સ્વરૂપની વિગતો પૂરી પાડે તે આવશ્યક હોય છે, એવું 'કેગ' અહેવાલમાં જણાવાયું છે. રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે છેલ્લાં પાંચ વર્ષ (૨૦૧૭-૨૨) દરમિયાન ''ગ્રાન્ટ-ઇન-એડ'' રાજ્યના કુલ ખર્ચના ૩૭ ટકા જેટલી હતી. આ ઉપરાંત છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારનાં એકાઉન્ટસ (ખાતાઓ) 'અન્યો' મથાળા હેઠળ વર્ગીકૃત કરાયેલ વિવિધ સંસ્થાઓને મંજૂર અને વિતરિત કરાયેલ સહાય-અનુદાન (''ગ્રાન્ટ-ઇન-એડ'')માં વધારો દર્શાવતા હોવા

છતાં રાજ્ય સરકારે ઉપયોગિતા પ્રમાણપત્ર (યુટિલાઇઝેશન સર્ટિફિકેટ્સ-યુસી) જમા કરાવવા માટે મોનિટરિંગ કરવા અને પ્રત્યેક સંસ્થા સામે બાકી નીકળતી રકમની ચકાસણી કરવા માટે આવી સંસ્થાઓને 'ફંડ્સ'ની ફાળવણી કરવા કોઈ તંત્ર ગોઠવ્યું નથી.

જેમને શરતી ''ગ્રાન્ટ-ઈન-એડ'' (સહાય અનુદાન) પ્રાપ્ત થઈ હોય એવા રાજ્ય સરકારના સત્તાધિકારીઓએ ''ગ્રાન્ટ-ઈન-એડ''ના યોગ્ય ઉપયોગ અંગે સંબંધિત વિભાગના વડાને યુટિલાઇઝેશન સર્ટિફિકેટ્સ (યુસી) સુપરદ કરવાની જરૂર રહે છે અને તેની ચકાસણી બાદ જે નાણાકીય વર્ષમાં ''ગ્રાન્ટ-ઈન-એડ'' (જીઆઈએ) છોડવામાં આવી હોય તે નાણાકીય વર્ષની સમાપ્તિના ૧૨ મહિનામાં મુખ્ય એકાઉન્ટન્ટ જનરલ (એ એન્ડ ઇ)ને મોકલવાની જરૂર હોય છે.

૨૦૨૧-૨૨માં વિવિધ સંસ્થાઓને રિલીઝ કરવામાં આવેલ કુલ રૂ.૬૯,૮૦૭.૭૯ કરોડની ''ગ્રાન્ટ-ઈન-એડ'' (જીઆઈએ)માંથી ૩૫ ટકા એટલે કે રૂ.૨૪૭૬૪.૫૪ કરોડની ''ગ્રાન્ટ-ઈન-એડ'' (જીઆઈએ-અનુદાન સહાય) વિવિધ સંસ્થાઓને 'અન્યો'ના મથાળા હેઠળ રિલીઝ કરવામાં આવી હતી.

હવે 'કેગ' દ્વારા રિપોર્ટમાં એવી ટિપ્પણી કરવામાં આવી છે કે રાજ્ય સરકારના સંબંધિત વિભાગો દ્વારા રિલીઝ કરવામાં આવેલી ''ગ્રાન્ટ-ઈન-એડ'' સામે ઊભી કરવામાં આવેલી અસ્કયામતોની વિગતોના અભાવ સાથે 'અન્યો'ની કેટેગરી હેઠળ અનુદાન પ્રાપ્ત કરનારી સંસ્થાઓની સામૂહિક રીતે 'નોંધણી' એ ચિંતાજનક બાબત છે, કારણ કે તેના દ્વારા આ પ્રકારના વ્યવહારો અને લેવડ-દેવડને 'અપારદર્શક' બનાવે છે.

ગત સપ્તાહે રાજ્ય વિધાનસભામાં રજૂ કરાયેલા 'કેગ' રિપોર્ટમાં આ તારણો જાહેર કરાયાં છે. એક બાજુ ગુજરાત સરકારને નાણાકીય વ્યવસ્થાપન મામલે ફટકાર મળી છે, તો બીજી બાજું રાજ્યની ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક-પ્રોડક્ટસમાં (જીએસડીપી) સુધારો કરવા બદલ તેની પીઠ થાબડવામાં આવી છે.

નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યપ્રધાન હતા ત્યારે તેમની સાથે નિકટતાથી કામ કરનારા અને ત્રણ વખત કેબિનેટ પ્રધાન રહી ચૂકેલા ડૉ.જયનારાયણ વ્યાસ કે જેઓ હાલ કોંગ્રેસમાં છે, તેમણે આ આંકડાઓને અત્યંત અસધારણ ગણાવ્યા હતા અને જણાવ્યું હતું કે તે સરકારી હિસાબી કામકાજને સુસંગત અને સમકક્ષ હોતા નથી. ■

**— જુમાના શાહ**

(સૌજન્ય : 'ઇન્ડિયા ટૂ ડે')

## ૨૦૧૭-૨૨ દરમિયાન ફાળવેલી 'ગ્રાન્ટસ'ની વિગતો

| ક્રમ | વર્ષ | કુલ ખર્ચ | કુલ ફાળવેલી ગ્રાન્ટ-ઈન-એડ (જીઆઈએ) | કુલ ખર્ચની ગ્રાન્ટ-ઈન-એડની ટકાવારી | 'અન્ય'ને ફાળવેલ ગ્રાન્ટ-ઈન-એડ (જીઆઈએ) | કુલ ફાળવેલી જીઆઈએમાંથી 'અન્યો'ને ફાળવાયેલી જીઆઈએની ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨૦૧૭-૧૮ | ૧,૪૫,૦૦૩.૯૨ | ૫૪,૮૦૭.૧૮ | ૩૭.૮૦ | ૨૦,૮૫૬.૯૧ | ૩૮.૦૬ |
| ૨. | ૨૦૧૮-૧૯ | ૧,૬૨,૫૮૨.૯૪ | ૫૯,૬૧૦.૬૯ | ૩૬.૬૬ | ૨૩,૬૫૬.૩૧ | ૩૯.૬૮ |
| ૩. | ૨૦૧૯-૨૦ | ૧,૬૭,૮૬૧.૨૪ | ૬૪,૨૬૨.૯૧ | ૩૮.૨૮ | ૨૫,૩૪૩.૨૦ | ૩૯.૪૪ |
| ૪. | ૨૦૨૦-૨૧ | ૧,૭૮,૭૧૭.૪૭ | ૬૪,૬૩૭.૩૫ | ૩૬.૧૭ | ૨૩,૬૯૧.૯૫ | ૩૬.૬૫ |
| ૫. | ૨૦૨૧-૨૨ | ૧,૮૯,૬૭૭.૩૫ | ૬૯,૮૦૭.૭૯ | ૩૬.૮૦ | ૨૪,૭૬૪.૫૪ | ૩૫.૪૮ |

સ્રોત : સંબંધિત વર્ષના ફાઇનાન્સ એકાઉન્ટસ

કોંગ્રેસ સંસદીય પક્ષના ચેરપર્સન સોનિયા ગાંધીનો અંગ્રેજી અખબાર 'ધ હિન્દુ'માં તેજાબી લેખ

# લોકતંત્રના દરેક સ્તંભને નરેન્દ્ર મોદી ખતમ કરી રહ્યાં છે : સોનિયા ગાંધી

**કૃત સંકલ્પિત વિરોધ પક્ષોનો સામનો થવા પર નરેન્દ્ર મોદી સરકારે- સંસદના રેકર્ડ પરથી વિપક્ષોના ભાષણોને હટાવવા, ચર્ચાને અટકાવવી, સંસદસભ્યો પર હુમલાં કરવા અને આખરે કોંગ્રેસના એક સંસદ સભ્યને વીજળીક ગતિએ ગેરલાયક ઠરાવવા જેવા અભૂતપૂર્વ પગલાં લીધાં હતાં, થોપેલું મૌન ભારતની સમસ્યાઓ હલ કરી શકે નહીં, દેશની જનતા હવે ચૂપ નહીં બેસે : સોનિયા ગાંધી**

**ભારતના** લોકોને હવે ખબર પડી ગઈ છે કે વર્તમાન સ્થિતિમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની 'કથની અને કરણી'માં બહું મોટું અંતર છે. જ્યારે તેઓ વિરોધપક્ષો વિરુદ્ધ પોતાનો ગુસ્સો જાહેર કરી રહ્યાં ન હોય અને આજની તમામ પરેશાની માટે વિતેલા જમાનાનાં નેતાઓ પર દોષારોપણ કરી રહ્યાં ન હોય ત્યારે તેમના તમામ નિવેદનોમાંથી આજના તમામ જરૂરી મહત્ત્વના મુદ્દાઓ કાં તો ગાયબ થઈ જાય છે અથવા તો તેઓ મોટી મોટી લોભામણી વાતો કરીને આ બધા મુદ્દાઓ પરથી લોકોનું ધ્યાન ભટકાવવાની કોશિશ કરે છે. બીજી બાજુ તેમનાં પગલાંઓથી સ્પષ્ટપણે ખબર પડી જાય છે કે સરકારના અસલી ઈરાદા શું છે ?




**સંસ્થાઓ પર હુમલો :**

છેલ્લાં કેટલાંક મહિનાઓથી આપણે જોયું છે કે, વડા પ્રધાન અને તેમની સરકાર લોકતંત્ર અર્થાત્ લોકશાહીના ત્રણ સ્તંભ સંસદ-ધારાસભા, કારોબારી-વહીવટીતંત્ર અને ન્યાયતંત્રને પદ્ધતિસર રીતે છિન્નભિન્ન કરીને તેને ઉખાડીને ફેંકી દીધા છે અને તેમના એકશન બતાવે છે કે તેમને લોકશાહી અને લોકતાંત્રિક જવાબદારી પ્રત્યે કેટલી ભારોભાર ઊંડી નફરત છે. સંસદના છેલ્લા સત્રમાં આપણે સંસદની કાર્યવાહી ખોરંભે પાડવાની સરકારની રણનીતિ જોઇ હતી કે સરકારે રણનીતિ બનાવીને સંસદની કાર્યવાહીને સતત સ્થગિત કરી હતી. વિરોધપક્ષને ગંભીર સ્થિતિમાં એ મુદ્દાઓ ઉઠાવવાથી રોક્યાં હતા જે આ દેશ અને તેની જનતા માટે અત્યંત જરૂરી હતા- જેમાં બેરોજગારી, ફુગાવો, મોંઘવારી, સામાજિક વિભાજન તેમજ આ વર્ષના બજેટ પરની ચર્ચા અને અદાણી કૌભાંડ સાથે સંકળાયેલા મહત્ત્વના મુદ્દાઓનો સમાવેશ થતો હતો.

કૃત સંકલ્પિત વિરોધ પક્ષોનો સામનો થવા પર નરેન્દ્ર મોદી સરકારે- સંસદના રેકર્ડ પરથી વિપક્ષોના ભાષણોને હટાવવા, ચર્ચાને અટકાવવી, સંસદસભ્યો પર હુમલાં કરવા અને આખરે કોંગ્રેસના એક સંસદ સભ્યને

વીજળીક ગતિએ ગેરલાયક ઠરાવવા જેવા અભૂતપૂર્વ પગલાં લીધાં હતાં. પરિણામે જનતાના નાણાંનું રૂ.૪૫ લાખ કરોડનું બજેટ કોઈ પણ જાતની ચર્ચા વગર જ પાસ કરી દેવાયું હતું. જ્યારે લોકસભામાં બજેટ રજૂ થયું ત્યારે વડા પ્રધાન ભારે ધરખમ મીડિયા કવરેજ વચ્ચે પોતાનાં મતક્ષેત્રમાં યોજનાઓનાં ઉદ્‌ઘાટનો કરવામાં વ્યસ્ત હતા.

નરેન્દ્ર મોદી સરકાર સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)નો દુરુપયોગ કરી રહી છે એ વાત હવે જગજાહેર છે અને ૯૫ ટકાથી વધુ રાજકીય કેસો માત્ર ને માત્ર વિરોધપક્ષો વિરુદ્ધ દાખલ કરાયા છે અને જેઓ ભારતીય જનતા પક્ષમાં (ભાજપ) જોડાઈ જાય છે તેમની વિરુદ્ધના કેસો ચમત્કારિક રીતે ગાયબ થઈ જાય છે. રાષ્ટ્રીય સુરક્ષા માટે ઘડવામાં આવેલા કાયદાઓનો-પત્રકારો, કર્મશીલો અને પ્રતિષ્ઠિત બુદ્ધિજીવીઓ (થિન્ક-ટેન્કસ) વિરુદ્ધ કરવામાં આવેલ દુરુપયોગ અભૂતપૂર્વ અને ચોંકાવનારો છે. વડા પ્રધાન સત્ય અને ન્યાય અંગે મોટી મોટી વાતો અને નિવેદનો કરે છે, પરંતુ વડા પ્રધાનના પ્રીતિપાત્ર એવા એક ઉદ્યોગપતિ વિરુદ્ધ નાણાકીય છેતરપિંડીના આરોપ લાગે છે ત્યારે તેની ઉપેક્ષા અને અવગણના કરવામાં આવે છે.


ઈન્ટરપોલ ભાગેડું મેહુલ ચોક્સી વિરુદ્ધ નોટિસ પાછી ખેંચી લે છે, બિલકિસ બાનોનાં દોષિત બળાત્કારીઓને છોડી મૂકવામાં આવે છે અને ત્યારબાદ આ અપરાધીઓ ભાજપનાં નેતાઓ સાથે એક જ મંચ પર જોવા મળે છે.

ન્યાયતંત્રની વિશ્વસનીયતાનું અવમૂલ્યન કરવાના પદ્ધતિસરના પ્રયાસો હવે ચરમસીમાએ પહોંચી ગયા છે અને કેન્દ્રીય કાયદા પ્રધાન તો કેટલાક નિવૃત્ત ન્યાયમૂર્તિઓને ‘રાષ્ટ્ર વિરોધી’ ગણાવે છે અને ધમકી આપે છે કે તેમણે ‘કિંમત ચૂકવવી પડશે’’. આ પ્રકારની ભાષાનો ઉપયોગ લોકોને ગેરમાર્ગે દોરવા તેમની લાગણીઓને ભડકાવવા અને તેના દ્વારા સેવારત્ ન્યાયમૂર્તિઓને ધમકાવવા-ડરાવવા માટે ઈરાદાપૂર્વક કરવામાં આવે છે.

**પ્રચંડ હુમલો અને ધાક-ધમકી :**

સરકારની રાજકીય ધાક-ધમકીઓ દ્વારા મીડિયાની સ્વતંત્રતા તો ઘણાં સમય પહેલાથી જ ખતમ થઈ ગઈ છે, જેમાં ભાજપના મિત્રોની નાણાકીય તાકાત એક મોટું કારણ છે. હવે ન્યૂઝ ચેનલો પર સાંજની ડિબેટમાં સરકાર સામે સવાલો કરનાર સાથે કાદવ-ઉછાળ જેવી પ્રવૃત્તિ માટે અને તેમના પર મોટેથી બરાડા પાડીને તેમને ચૂપ કરી દેવા માટે યોજવામાં આવે છે. આટલાથી સંતોષ નહીં થતાં સરકારે ઈન્ફર્મેશન ટેકનોલોજીના નિયમોમાં સુધારા કરીને પોતાને એવી કાનૂની તાકાત આપી દીધી છે કે ‘ફેક ન્યૂઝ’નું લેબલ ચીપકાવીને કોઈ પણ સમાચારની કાનૂની સુરક્ષા ખતમ કરી શકે છે.

ભારતની સુપ્રીમ કોર્ટે તાજેતરમાં સ્પષ્ટ કર્યું છે કે સરકારની આલોચના કરવી એ કાનૂની કાર્યવાહીનો આધાર બની શકે નહીં. શું સરકાર આ વાત સાંભળી રહી છે ? એ વાતમાં કોઈ શંકા નથી કે ભાજપ અને




આરએસએસના વકીલોની એક ફોજ એવા દરેક પ્લેટફોર્મને હેરાન-પરેશાન કરવા તૈયાર હોય છે જે તેમના મહાન નેતા અંગે આલોચના પ્રસિદ્ધ કરે છે.

આ રીતે થોપવામાં આવતું મૌન ભારતની સમસ્યાઓ હલ કરી શકે નહીં. દેશને ચૂપ કરી દેવાથી દેશની મુશ્કેલીઓ હલ થવાની નથી. વડા પ્રધાન કરોડો લોકોની જિંદગીને પ્રભાવિત કરનારી તેમની સરકારની કામગીરી પરના કેટલાંક યોગ્ય અને જરૂરી મુદ્દાઓ-પ્રશ્નો પર ચૂપ છે. જ્યારે મોટા મુદ્દાઓ પર યોગ્ય જરૂરી સવાલ પૂછવામાં આવે છે ત્યારે તેઓ મૌન ધારણ કરી લે છે. નાણાં પ્રધાને પોતાનાં બજેટ ભાષણમાં બેરોજગારી કે મોંઘવારીનો ઉલ્લેખ જ કર્યો ન હતો, જાણે આ સમસ્યાઓ

અસ્તિત્વમાં નથી. નાણા પ્રધાનનું મૌન કરોડો એવા લોકોને મદદ કરતું નથી જેઓ દૂધ, શાકભાજી, ઈંડા, રાંધણગેસ અને તેલ જેવી રોજ-બરોજની આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી કરી શકતા નથી. આ મૌન એવા યુવાનો માટે શું કામનું, જેઓ અત્યાર સુધીમાં સૌથી વિક્રમી બેરોજગારી દરનો સામનો કરી રહ્યાં છે ? ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનાં પોતાના વચનમાં નિષ્ફળ ગયા બાદ વડા પ્રધાને પોતાને સાનુકૂળ એવું મૌન ધારણ કરી લીધું છે, પરંતુ વધતા જતા ઉત્પાદન ખર્ચ અને પોતાના પાક માટેના વળતર મૂલ્યની કિસાનોની સમસ્યા હજુ વણઉકેલી ઊભી જ છે.

ભાજપ અને આરએસએસના નેતાઓના ઈશારે દેશમાં જે નફરત અને હિંસાને ભડકાવવામાં આવે છે તેની વડા પ્રધાન ઉપેક્ષા કરી રહ્યાં છે. તેમણે એકવાર પણ શાંતિ કે એખલાસ જાળવવા માટે અપીલ કરી નથી કે અપરાધીઓ પર લગામ કસવા માટે કોઈ કાર્યવાહી કરી નથી, ત્યારે તેમને સજા કરાવવાની વાત તો દૂરની છે. ધાર્મિક તહેવારો હવે ખુશી અને ઉત્સવના પર્વ રહ્યાં નથી, પરંતુ અન્યોને ડરાવવા-ધમકાવવા અને પરેશાન કરવાના જાણે અવસર બની ગયાં છે.

**વડા પ્રધાન મોદી અને તેમની સરકાર લોકતંત્ર અર્થાત્ લોકશાહીના ત્રણ સ્તંભ સંસદ-ધારાસભા, કારોબારી-વહીવટીતંત્ર અને ન્યાયતંત્રને પદ્ધતિસર રીતે છિન્નભિન્ન કરીને તેને ઉખાડીને ફેંકી દીધા છે અને તેમના એક્શન બતાવે છે કે તેમને લોકશાહી અને લોકતાંત્રિક જવાબદારી પ્રત્યે કેટલી ભારોભાર ઊંડી નફરત છે**

હવે તો લોકોને તેમના ધર્મ, ખાનપાન, જાતિ, લિંગ કે ભાષાના આધારે તેમને ડરાવી-ધમકાવીને તેમને અલગ પાડીને તેમના પ્રત્યે ભેદભાવ દાખવવામાં આવે છે.

ચીન સાથેના જીવંત સરહદી મુદ્દે આપણે જોયું છે કે વડા પ્રધાન કઈ રીતે ચીનની ઘૂસણખોરીને નક્કારતા આવ્યા છે, સરકાર કઈ રીતે તેના પર ચર્ચા અવરોધી રહી છે અને વિદેશ પ્રધાને ચીનની બાબતમાં હાર સ્વીકારી લેવાનું વલણ અપનાવી લીધું છે.

**આગામી દિવસો આપણી લોકશાહી માટે અગ્નિકસોટી સમાન :**

વડા પ્રધાનના શ્રેષ્ઠ પ્રયાસો છતાં, ભારતની પ્રજાને ચૂપ કરી શકાશે નહીં અને ચૂપ થશે પણ નહીં. આગામી કેટલાક મહિનાઓ આપણી લોકશાહી માટે અગ્નિ કસોટી સમાન છે. આપણે અત્યારે એક નિર્ણાયક મોડ પર છીએ, કારણ કે નરેન્દ્ર મોદી સરકાર કેટલાંય મોટા અને મુખ્ય રાજ્યોમાં પ્રત્યેક સત્તા અને ચૂંટણીઓનો દુરુપયોગ કરવા માટે કૃતનિશ્ચયી છે અને તેનાથી મુખ્ય રાજ્યોમાં ચૂંટણીઓ પ્રભાવિત થઈ શકે છે.

કોંગ્રેસ પક્ષ લોકો સુધી પોતાનો સંદેશો સીધો પહોંચાડવાની તમામ કોશિશ કરશે, જેવું કોંગ્રેસે 'ભારત જોડો' યાત્રામાં કર્યું હતું. અમે ભારતના સંવિધાનનું રક્ષણ કરવા અને તેના આદેશોનું પણ રક્ષણ કરવા સમાન વિચારસરણી ધરાવતા પક્ષો સાથે હાથ મિલાવીશું.

અમારી લડાઈ લોકોનાં અવાજને સુરક્ષિત કરવા માટે છે. કોંગ્રેસ પક્ષ મુખ્ય વિરોધ પક્ષ તરીકેની તેની ગંભીર જવાબદારી સારી સમજે છે અને સમાન વિચારસરણી ધરાવતા પક્ષો સાથે કામ કરીને આ જવાબદારી નિભાવવા તૈયાર અને તત્પર છે. ■

– **સોનિયા ગાંધી** (કોંગ્રેસ પક્ષના ચેરપર્સન)



# માર્કેટમાં ખુલ્લેઆમ ફરી રહેલી નકલી નોટો, બેન્કો વર્ષે ૫૦ લાખની નકલી નોટો RBIમાં જમા કરાવે છે

**ગુજરાતમાં રૂ. ૧૦૦-૫૦૦ની નકલી નોટોનો રાફડો ફાટતા બેંકોમાં ચિંતાનું પ્રમાણ વધ્યું**

**નાના વેપારીઓ, પાનના ગલ્લાવાળાઓને ટાર્ગેટ કરી યેનકેન પ્રકારે નકલી નોટો ફરતી કરવા આખી ચેનલ સક્રિય**

**તમારા ખિસ્સામાં મૂકેલી નોટો અસલી તો છે ને ?**

**રૂ. ૧૦૦, ૨૦૦ અને ૫૦૦ની નોટોના કલર કોમ્યુનિકેશનથી સરળતાથી ડુપ્લિકેશન થાય છે**

। અમદાવાદ ।

ગુજરાતમાં નકલી નોટોની હેરાફેરી વધતા બેંકોમાં ચિંતાનું પ્રમાણ વધ્યું છે. ખાસ કરીને બેંકોમાં મોટી રકમ જમા થવા આવતી રોકડમાં 100 અને ૫00ની બંડલોમાં પાંચથી છ નોટ ડુપ્લિકેટ આવતી હોવાનું બેંકના ઉચ્ચ અધિકારીઓ જણાવી રહ્યા છે. ગુજરાતમાં સરકારી- ખાનગી અને કો-ઓપરેટિવ સહિતની બેંકો વર્ષે દહાડે આરબીઆઈમાં રૂ ૫૦ લાખની નકલી નોટો જમાં કરાવે છે, જેમાં સૌથી વધુ ૫00ની નોટોનો સમાવેશ થાય છે. બેંક સાથે સંકળાયેલા સૂત્રોએ એમ પણ જણાવ્યું કે, નવી નોટોમાં જે પ્રકારના કલરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તેમાં સરળતાથી ડુપ્લિકેશન થઈ રહ્યું છે. બજારમાં યેનકેન પ્રકારે નકલી નોટો ફરતી કરવા એક આખું નેટવર્ક ઓપરેટ થઈ રહ્યું છે. પાનના ગલ્લા અન્ય નાના વેપારીઓને ટાર્ગેટ કરી આ નકલી નોટો પધરાવવામાં આવી રહી હોવાનું પણ જાણવા મળ્યું છે. 'સંદેશે' રૂ. 100 નકલી નોટ લઈને વટાવવાનો પ્રયાસ કર્યો તો વેપારીએ બિન્દાસ તેને લઈ લીધી હતી. જ્યારે અમે તેમને વેપારીને આ નકલી નોટ હોવાનું જણાવતા તેઓ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા.

આરબીઆઈના ઉચ્ચ અધિકારીએ ગંભીર સંકેત આપતા જણાવ્યું કે, હાલમાં માર્કેટમાં ૨,000ની નોટ ઊંચું ચલણ હોવાથી નોટોની અછત છે. જેનું કારણ એ છે કે સરકારે આ નોટોનું પ્રિન્ટિંગ ખૂબ જ ઓછું કર્યુ હોવાથી બેંક અને માર્કેટમાં ઓછી જોવા મળશે જેના કારણે અન્ય નોટોની સરખામણીએ ૨,000 નોટનું ડુપ્લિકેશન પ્રમાણમાં ઓછું થાય. આરબીઆઈની સ્ટેટ લેવલ સિક્યુરિટી કમિટી અમુક સમયના અંતરે તમામ બેંકો સાથે એક મિટિંગ કરે છે, જેમાં બેંકોમાં આવતી નકલી નોટોને લઈ કેવી રીતે સતર્ક રહેવું તેના પર ચર્ચા વિચારણા પણ કરવામાં આવે છે.

રૂ. ૧૦૦ની અસલી નોટ કરતાં નકલી નોટ સાઇઝમાં થોડી નાની છે અને ગાંધીજીનો વોટરમાર્ક દેખાતો નથી જ્યારે ૨૦૦ની નોટ સરખી છે અને તેમાં પણ ગાંધીજીનો વોટર માર્ક દેખાતો નથી.




### કાગળ-ગાંધીજીની ઈમેજ ચેક કરી નકલી નોટ ઓળખો

માર્કેટમાં ફરી રહેલી ૧૦૦-૨૦૦ની જાલી નોટો પ્રથમ દષ્ટિએ તો તમને અંદાજ જ આવે નહીં કે આ નોટ નકલી છે પણ જ્યારે તેને ધારીને જોવામાં આવે તો તેમાં ગાંધીજીના ફોટો ગાયબ હોય છે અનેક સાઇઝમાં નાની નોટની થિકનેસ એટલે પાતળા કાગળ પરથી અંદાજ આવી જાય છે. બાકી કલરમાં અને પ્રિન્ટિંગમાં તમને જરાય અંદાજ આવે તેમ નથી. આમ નકલી નોટોથી બચવા કાગળ અને ગાંધીજીની ઈમેજ ચેક કર્યા બાદ સ્વીકારવાનો આગ્રહ રાખવો જોઈએ.

સૌજન્ય : સંદેશ (તા.૧૦-૪-૨૩)

### રેલવે સ્ટેશન અને એસટી જેવા સ્થળોએ નકલી નોટો વટાવવાનો આંતરરાજ્ય ટોળકીઓનો ટાર્ગેટ

નકલી નોટો વટાવવા આંતરરાજ્ય ટોળકી નવી મોડસ ઓપરેન્ડી સાથે કાર્ય કરે છે. આ ટોળકી રેલવે સ્ટેશન કે એસટી બસ સ્ટેન્ડ પાસે ઉતરે છે અને ત્યાંના નાના વેપારીઓને આ નકલી નોટો પધરાવી દે છે. આ સ્થળોએ ભીડ હોવાથી વેપારીઓ નોટ ચેક કરવાનું ટાળી દે છે. કેટલાક અશિક્ષિત હોય છે એટલે તેમને નકલી નોટો વિશે ખ્યાલ આવતો નથી. આમ આ ટોળકી સહેલાઈથી નકલી નોટો વટાવીને ત્યાંથી જ પરત જતી રહે છે. જોકે કેટલાક વેપારીઓને જાણ થાય ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હોય છે. એસટી પર એક વેપારી પાસે નકલી નોટ વટાવવાનો પ્રયાસ કર્યો તો તેણે આ નકલી નોટને પરખી લીધી હતી. જોકે તેણે સામે રૂ. ૨૦૦ની નકલી નોટ અમને પધરાવી ગયું હોવાનું કહી હૈયાવરાળ ઠાલવી હતી.

### એક બંડલમાં પાંચથી વધુ નકલી નોટ મળે તો તે વ્યક્તિ સામે ફરિયાદ દાખલ થાય છે

ખાનગી બેન્કના એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું કે, બેંકો પાસે નકલી નોટો ચેક કરવા અત્યાધુનિક ઉપકરણો સામેલ છે. તેમજ બેંકના કેશિયરોને સમયાંતરે ટ્રેનિંગ પણ આપવામાં આવે છે. જમા કરાવવા આવનારા કોઈપણ વ્યક્તિના બંડલમાંથી પાંચથી વધુ નોટો નકલી આવે તો અમે તેની સામે ફરિયાદ દાખલ કરીએ છીએ. અર્થાત જો બંડલમાં એક કે બે નોટ આવે તો એની પર અમે સિક્કો મારી આરબીઆઈમાં જમા કરાવીએ છીએ. પરંતુ અમે આ નોટો ક્યારેય નાશ કરતા નથી. જો કોઈ એટીએમ મશીન મારફતે નાખવાનો પ્રયત્ન કરે તો તો તેમાં નોટોના સિક્યુરિટી ફિચર્સ નાખવામાં આવે છે જે સેન્સરની મદદથી નકલી નોટો મશીનમાં જતી નથી. પરંતુ જો કોઈ સંજોગ વસાત જતી પણ રહે છે તો આ નોટો મશીનના અલગ ટ્રેમાં જમા થાય છે અને જે સીધી બેંકના કેશિયર પાસે જાય છે ત્યારબાદ તે નોટની ચકાસણી કરવામાં આવે છે.

### આંગડિયા પેઢી મારફતે થતાં કરોડોના ટ્રાન્ઝેક્શનમાં નકલી નોટો ઘુસાડવાનો પેંતરો

બીજી તરફ આંગડિયા પેઢી મારફતે થતા કરોડોના ટ્રાન્ઝેક્શનમાં આવતા બંડલોમાં પણ નકલી નોટો આવી રહી હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ નોટો કોના મારફતે આવી રહી છે ત્યાં સુધી પહોંચી શકાતું નથી. આમ જેમની પાસે નકલી નોટો આવે છે તેઓ તેમની પાસે જ રાખી લે છે.

### હજુ ૨૧ માર્ચે જ સરદારનગર, ચાંદખેડામાંથી ૨૬.૨૮ લાખની નકલી નોટો ઝડપાઈ હતી

શહેરના સરદારનગરમાં એક હોટેલમાં રૂમ ભાડે રાખીને ત્રણ શખ્સો ૧૦૦ અને ૫૦૦ની નોટ જયારે ચાંદખેડાથી પસાર થતી ગાડીને બાતમીના આધારે રોકતાં તેમાંથી ૫૦૦ની દરની ૧૦ લાખની નકલી ચલણી નોટો મળી આવી હતી. ગાડીમાંથી પકડાયેલ નકલી નોટો અંગે પૂછતાછમાં આ નોટો દાસ્તાન સર્કલ પાસે ભાડે મકાન રાખીને ચાર શખ્સો ૧૦૦, ૨૦૦ અને ૫૦૦ના દરની નકલી નોટો તૈયાર કરતાં હતાં. સરદારનગરની હોટેલના રૂમમાં નકલીનોટો છાપવાનુ કામ તેઓએ ૧૫ દિવસ પહેલાં જ વેબસિરિઝ જોઈને શરૂ કર્યું હતુ. મહત્ત્વનું છેકે, કાળઝાળ મોંઘવારીમાં બેકાર યુવાનો વેબસિરિઝો જોઈને શોર્ટકટમાં રાતોરાત રૂપિયા કમાવવા ગુનાની દુનિયામાં ઝંપલાવી રહ્યા છે

## રાજયમાં બે વર્ષમાં કુલ ૨૬ કિસ્સામાં ૧૬,૯૭૧ નકલી નોટો જપ્ત કરાઈ

નકલી ચલણી નોટોના ગુનાઓમાં ગુજરાતનો નંબર દેશમાં ટોપ ઉપર હોવાનું કેન્દ્રીય ક્રાઇમ રેકર્ડ બ્યૂરોનો રિપોર્ટ કહે છે. છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં નકલી નોટોના ૨૬ ગુના રાજ્યમાં નોંધાયા છે. વર્ષ ૨૦૨૧માં ૯ અને વર્ષ ૨૦૨૨માં ૧૭ બનાવો નોંધાયા છે. વર્ષ ૨૦૨૧ના ૯ ગુનાઓમાં ૨,૮૦૬ નકલી નોટો કબજે કરાઈ છે. જ્યારે ૨૦૨૨માં જે ૧૭ બનાવો નોંધાયા છે, તેમાં ૧૪.૧૬૫ નકલી નોટો પકડાઈ છે. આમ બે કેલેન્ડર વર્ષમાં જે કુલ ૨૬ બનાવો બન્યા છે, તેમાં ૧૬,૯૭૧ નકલી નોટો પકડાઈ છે. કુલ ૯૦ આરોપીઓ પકડાયા છે અને ૫ આરોપીઓ હજી પકડાયા નથી.

## ખેડૂતો પાયમાલને, ભાજપના નેતાઓ માલામાલ

# કર્ણાવતી APMC સંચાલકોએ ૧૦૦ કરોડ સબસિડી મેળવવા કારસો રચ્યો

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૯-૪-૨૩)

અમદાવાદ, શનિવાર

કૃષિ કાયદાનો સમગ્ર દેશમાં ખેડૂતો વિરોધ કરી રહ્યા હતાં ત્યારે કેન્દ્ર સરકારે ખેડૂતોને એવી ખાતરી આપી હતીકે, સહકારી એપીએમસીને ઊની આંચ નહી આવે. પણ બીજી તરફ, ગુજરાતમાં ભાજપના નેતાઓ જ ખાનગી એપીએમસી ઊભી કરીને સહકારી એપીએમસીને તાળા મારવા ષડયંત્ર રચી રહ્યા છે. અમદાવાદમાં ય ભાજપના ધારાસભ્ય બાબુ જમના પટેલ અને ભાજપના નેતા બીપીન પટેલ(ગોતા)એ કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટ યાર્ડ ઉભુ કરીને ખેડૂતોના નામે રૂા.૧૦૦ કરોડની સબસિડી મેળવવા કારસો રચ્યો છે. ગેરરિતી આચરીને કરોડો રૂપિયા સબસિડી મેળવવાના ષડયંત્રને લઈને છેક વડાપ્રધાન કાર્યાલય સુધી ફરિયાદ પહોંચી છે. એટલુ જ નહી, પણ કર્ણાવતી એગ્રી.માર્કેટયાર્ડને સબસિડી ન આપીને લાયસન્સ રદ કરવા માંગણી કરાઈ છે.

## ટેન્ડર વિના એન્જિનિયરની નિયુક્તિ, બી.સ્કેવર ડેવલપર્સના નામે જમીન ખરીદી પણ કર્ણાવતીના નામે જમીન થઈ નથી

ગુજરાતમાં સહકારી એપીએમસી ડચકા ખાઈ રહી છે. કર્મચારીઓના પગારના ફાફા છે ત્યારે ભાજપના નેતાઓએ હવે ખેતબજાર પર કબજો જમાવ્યો છે. દસક્રોઈના ધારાસભ્ય બાબુ જમના પટેલના પુત્ર લલિત બાબુભાઈ પટેલ અને વૈભવ બાબુભાઈ પટેલ ઉપરાંત ભાજપના નેતા બિપીન નારણભાઈ પટેલ(ગોતા)ના પુત્ર ધ્રુવ બિપીન પટેલે વિંઝોલ ખાતે કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટયાર્ડ એન્જિનિયર, આર્કિટેક્ટની નિયુક્તિ કરી દેવામાં આવી છે. આજ પ્રમાણે, આર્કિટેક અને કોન્ટ્રાકટર માટે પણ ટેન્ડર બહાર પાડવામાં આવ્યુ નહી. આ જગ્યાની બારોબાર નિયુક્તિ કરી દેવાઈ હતી. મહત્વની વાત તો એછેકે, કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટ યાર્ડમાં દુકાનોની ફાળવણીમાં ય માતબર રકમ બારોબાર ઉઘરાવી લેવામાં આવી છે. વાસ્તવમાં દુકાન માટે અરજી મંગાવવાની વેલ્યુ કેટલી તે નક્કી થઈ શક્યુ નથી. અને જો પ્રોજેક્ટનુ કુલ વેલ્યુ જ નક્કી ન હોય તો ૨૫ ટકા સબસિડી કયા આધારે મળી શકે તે સૌથી મોટો સવાલ છે. આમ, કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટયાર્ડના સંચાલકોએ એગ્રીમાર્કેટ ઈન્ફાસ્ટ્રચર ફંડ ફોર ડેવલપમેન્ટ ઉપરાંત સ્કીમ ગાઈડલાઈનના નિયમોનુ ઉલ્લંઘન કર્યુ છે. આમ, કરોડોની સબસિડી મેળવવા

### કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટયાર્ડને આર્થિક લાભ કરાવવા પોલીસ-સહકારી તંત્રનો દુરુપયોગ

ભાજપના નેતાઓ- તેમના પુત્રોએ રાજકીય વગના જોરે સહકારી એપીએમસીને તાળા વાગે તેવુ ષડયંત્ર રચ્યુ છે. એટલુ જ નહી, આ જ નેતાઓ પોલીસ અને સહકારી તંત્રની મશીનરીનો ય દૂરપયોગ કરી રહ્યા છે. એવુ જાણવા મળ્યુ છેકે, શાકભાજી સહિત અન્ય પાકો લઈને આવતાં ખેડૂતોને પોલીસ ખોટી રીતે હેરાન કરે છે. વાહનોને મેમા આપે છે. આજ પોલીસ કર્મચારીઓને ખેડૂતોને વિંઝોલસ્થિત કર્ણાવતી એપીએમસીમાં જવા દબાણ કરે છે. આ ઉપરાંત જમાલપુર,વાસણા એપીએમસીના વેપારીઓને પણ કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટયાર્ડમાં જ વેપાર કરવા રાજકીય દબાણ સાથે સૂચના આપવામાં આવી છે. જમાલપુર, વાસણા અને કમોડ એપીએમસીને ખંભાતી તાળા લગાવી પોતાની ખાનગી એપીએમસીને આર્થિક લાભ કેવી રીતે થાય તે માટે ભાજપના ધારાસભ્યના પુત્રો પેરવી કરી રહ્યા છે.

### કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટયાર્ડમાં કયા નિયમોનુ ઉલ્લંઘન કરાયુ

- ટેન્ડર વિના જ એન્જિનિયર,આર્કિટેકટની નિયુક્તિ કરી દેવામાં આવી છે.
- કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટ યાર્ડમા રૂા.૭૦ લાખથી માંડીને રૂા.૧ કરોડ બારોબાર ઉઘરાવી દુકાનો ફાળવી દીધી
- કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટયાર્ડ માટે બી સ્કેવર ડેવપલપર્સના નામે જમીન ખરીદવામાં આવી હતી પણ હજુ સુધી આ જમીન કર્ણાવતી માર્કેટયાર્ડના નામે થઈ નથી
- કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટયાર્ડના પ્રોજેક્ટનુ ટેન્ડરીંગ જ કરાયુ નથી જેથી સમગ્ર પ્રોજેકટની કુલ વેલ્યુ કેટલી તે નક્કી થઈ શક્યુ નથી
- કોન્ટ્રાકટર અને ડિઝાઈનરની નિયુક્તિ માટે પણ ટેન્ડર બહાર પાડવામાં આવ્યુ નથી

### ભાજપના ધારાસભ્ય બાબુ જમના પટેલ-બિપીન પટેલ(ગોતા)ના પુત્રોનું કારસ્તાન, કર્ણાવતી APMCનું લાયસન્સ રદ કરવા PMOને ફરિયાદ

બનાવ્યુ છે. ખેડૂતોની આવક બમણી થાય, ખેતપેદાશોના પુરતા ભાવ મળે તે હેતુસર શરૂ કરાવેલી કર્ણાવતી એગ્રી. માર્કેટયાર્ડમાં ય ભાજપના નેતાઓના પુત્રોએ ગેરરીતીના જોરે કરોડો કમાવવા ષડયંત્ર રચ્યુ છે.

કર્ણાવતી એગ્રી.માર્કેટયાર્ડને ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ-૧૯૬૩ના બધાય નિયમોનુ પાલન કરવાની શરતે પાંચ વર્ષ માટે લાયસન્સ અપાયુ છે પણ સત્તાના જોરે બધાય નિયમો નેવે મૂકાયા છે. સહકારી ક્ષેત્રના નિયમોનુ સરેઆમ ભંગ કરવામાં આવ્યો છે જેમકે, ટેન્ડર વિના જ હોય, દુકાન લેનારનુ ઈન્ટરવ્યુ લેવુ પડે, ત્યાર બાદ લાયકાત મુજબ દુકાનની ફાળવણી કરવી પડે. આવી કોઈ પ્રક્રિયા હાથ ધરાઈ નથી. આ ઉપરાંત કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટયાર્ડ માટે બી સ્કેવર ડેવપલપર્સના નામે જમીન ખરીદવામાં આવી હતી પણ આજ દીન સુધી આ જમીન કર્ણાવતી માર્કેટયાર્ડના નામે થઈ નથી પરિણામે નિયમ મુજબ સબસિડી મળી શકે નહી.

ચોંકાવનારી વાત તો એછેકે, કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટયાર્ડના પ્રોજેક્ટનુ ટેન્ડરીંગ જ કરાયુ નથી જેથી સમગ્ર પ્રોજેક્ટની કુલ સહકારી ક્ષેત્રના બધાય નિયમો નેવે મૂકાયા છે.

જીલ્લા સહકારી રજીસ્ટ્રાર સહિત સહકારી વિભાગમાં ખોટા દસ્તાવેજો મેળવીને રૂા.૧૦૦ કરોડ સબસિડી મેળવવા ભાજપના નેતાઓના પુત્રોએ કારસો રચ્યો છે ત્યારે આ સમગ્ર પ્રકરણને લઈને વડાપ્રધાન કાર્યાલયમાં ફરિયાદ કરવામાં આવી છે. આ ઉપરાંત એવી માંગ કરવામાં આવી છેકે, કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટયાર્ડનુ લાયસન્સ રદ કરવામાં આવે.

## લોકોએ ભરેલા ટેકસના નાણાંમાંથી

# અમદાવાદમાં નવ બ્રિજ બનાવવા કોન્ટ્રાકટરોને ૮૭ કરોડ વધુ ચુકવાયા

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨-૪-૨૩)

અમદાવાદ,શનિવાર

અમદાવાદના લોકોએ ભરેલા મ્યુનિસિપલ ટેકસના નાણાંમાંથી છેલ્લા પાંચ વર્ષમાં શહેરના વિવિધ વિસ્તારમાં ફ્લાયઓવર અને રેલવે ઓવરબ્રિજ બનાવવા વહીવટીતંત્ર તરફથી મૂકવામાં આવેલા અંદાજથી વધુ ૩.૯૯ ટકાથી લઈ ૨૯ ટકા જેટલી વધુ રકમ બ્રિજ બનાવનારા કોન્ટ્રાકટરોને ચૂકવવામાં આવતા નવ બ્રિજ બનાવવા તંત્ર તરફથી ૮૭ કરોડ કોન્ટ્રાકટરોને વધુ ચૂકવવામાં આવ્યા હતા.

## કોન્ટ્રાકટરોને ૩.૯૯ ટકાથી લઈ ૨૯ ટકા સુધીનો વધારો ચૂકવવામાં આવ્યો

શહેરમાં છેલ્લા પાંચ વર્ષના સમયમાં બનાવવામાં આવેલા બ્રિજ પૈકી ત્રણ બ્રિજ રાજકમલ બિલ્ડર્સ, ત્રણ બ્રિજ રણજીત બિલ્ડકોન તેમજ એક બ્રિજ વિજય મિસ્ત્રી, એક બ્રિજ પટેલ ઈન્ફ્રા અને એક બ્રિજ આશિષબ્રિજકોન દ્વારા બનાવવામાં આવ્યો હતો. નવ બ્રિજ બનાવવા તંત્ર તરફથી કુલ રૂપિયા ૪૭૪.૮૮ કરોડનો અંદાજ મુકાયો હતો. જેની સામે કોન્ટ્રાકટરોને ચૂકવવામાં આવેલા ભાવતફાવતની રકમ બાદ આ નવ બ્રિજ નિર્માણની કુલ રકમ રૂપિયા ૫૬૧.૭૧ કરોડ સુધી પહોંચી હતી.

### કયા બ્રિજમાં કેટલી રકમનો વધારો અપાયો

| ક્રમ | બ્રિજનું નામ | કોન્ટ્રાકટર | ટેન્ડર રકમ (કરોડ) | ટેન્ડર ટકાવારી | મંજૂર ટેન્ડર (કરોડ) |
|---|---|---|---|---|---|
| ૧. | ઈન્કમટેકસ ફ્લાય ઓવર | રણજીત બિલ્ડકોન | ૫૯.૫૯ | ૯.૯૩% | ૬૫.૫૧ |
| ૨. | અંજલી ફ્લાય ઓવર | વિજય મિસ્ત્રી | ૮૯.૯૧ | ૩.૯૯% | ૯૨.૫૧ |
| ૩. | રાજેન્દ્રપાર્ક | પટેલ ઈન્ફ્રા | ૫૭.૪૭ | ૨૩.૦૦% | ૭૦.૬૯ |
| ૪. | અજીત મીલ | રણજીત બિલ્ડકોન | ૪૧.૨૩ | ૨૨.૦૦% | ૫૦.૩૦ |
| ૫. | વિરાટનગર | રાજકમલ બિલ્ડર્સ | ૪૧.૧૪ | ૧૦.૩૦% | ૪૫.૩૮ |
| ૬. | સીમ્સ હોસ્પિટલ | રાજકમલ બિલ્ડર્સ | ૪૯.૭૩ | ૧૮.૭૦% | ૫૯.૦૪ |
| ૭. | નરોડા | રાજકમલ બિલ્ડર્સ | ૭૯.૮૧ | ૧૧.૯૦% | ૮૯.૨૩ |
| ૮. | ખારીનદી | આશિષ બ્રીજકોર્ન | ૨૦.૮૯ | ૧૮.૯૦% | ૪૯.૯૭ |
| ૯. | ખોખરા બ્રિજ | રણજીત બિલ્ડકોન | ૨૫.૧૧ | ૨૯.૦૦% | ૩૨.૩૯ |

## ૨૫ વર્ષ અગાઉ બનાવવામાં આવેલા

# બિસ્માર ચાંદલોડીયા ઓવરબ્રિજને બચાવવા ટેકા મૂકવાની નોબત આવી

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૭-૪-૨૩)

અમદાવાદ,ગુરૂવાર

અમદાવાદમાં ૨૫ વર્ષ અગાઉ ઔડા દ્વારા બનાવવામાં આવેલો પંડિત દીન દયાલ ઉપાધ્યાય ઓવરબ્રિજ કે જે ચાંદલોડીયા બ્રિજ તરીકે ઓળખાય છે તેનો રેલવે પોર્શન બિસ્માર બનતા બ્રિજ બચાવવા ટેકા મુકાયા છે. જે સ્થળે ટેકા મુકવામાં આવ્યા છે એ સ્થળે ખુબ મોટી સંખ્યામાં લોકો અવરજવર કરતા હોવાથી લોકોની સલામતીને લઈને પણ સવાલ ઉપસ્થિત થયા છે. આઠ કરોડના ખર્ચથી બનાવવામાં આવેલા બ્રિજની અગાઉ વર્ષ-૨૦૧૬માં રેલવે દ્વારા મરામત કરવામાં આવી હતી.

## આઠ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા બ્રિજની વર્ષ-૨૦૧૬માં રેલવે દ્વારા મરામત કરવામાં આવી હતી

શહેરના ચાંદલોડીયા વોર્ડમાં ઔડા દ્વારા વર્ષ-૧૯૯૮માં રેલવે ઓવરબ્રિજ બનાવવા માટે રૂપિયા આઠ કરોડના ખર્ચે રાજકમલ બિલ્ડર્સ ઈન્ફ્રા પ્રા.લિ.ને કામગીરી સોંપવામાં આવી હતી. જે સમયે બ્રિજ બનાવવાની કામગીરી કોન્ટ્રાકટરને આપવામાં આવી હતી એ સમયે આ વિસ્તાર ઔડા હસ્તક હતો. વર્ષ-૨૦૦૬-૦૭માં આ વિસ્તારને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદમાં સમાવવામાં આવ્યો હતો. ઔડા દ્વારા બનાવવામાં આવેલ આ બ્રિજ રેલવેના પાટા ઉપર બનાવવામાં આવ્યો હતો. રેલવે પોર્શન હરી એક વખત બિસ્માર બન્યો છે.

### વિરાટનગર ફલાય ઓવર બ્રિજ પણ રાજકમલ બિલ્ડર્સે બનાવ્યો હતો

ચાંદલોડીયા ઓવર બ્રિજ બનાવનારા રાજકમલ બિલ્ડર્સે અમદાવાદ પૂર્વમા આવેલા વિરાટનગર ફલાય ઓવરબ્રિજ પણ બનાવ્યો છે. મ્યુનિ.તંત્ર વિરાટનગર ફલાય ઓવરબ્રિજ માટે રૂપિયા ૪૧.૧૪ કરોડનો અંદાજ મુકયો હતો. અંદાજથી વધુ ૧૦.૩૦ ટકા વધુ ભાવથી એટલે કે રૂપિયા ૪૫.૩૮ કરોડની રકમથી આ કોન્ટ્રાકટરે છ મહિના મોડી કામગીરી પુરી કરી હતી.

જે સ્થળે ટેકા મુકવામા આવ્યા છે તે સ્થળ પાસે જ ગાની કીટલી-પાનના ગલ્લા સહિતના એકમો આવેલા છે. આ અંગે ઔડાના મુખ્ય અધિકારી ડી પી દેસાઈનો સંપર્ક કરતા તેમણે કહ્યુ, બ્રિજને બચાવવા ટેકા મુકવામા આવ્યા હોવાની જાણ નથી. પરંતુ જુનુ રેકર્ડ તપાસતા આ બ્રિજનો રેલવે પોર્શન રેલવે દ્વારા બનાવવામાં આવ્યો હોવાથી વર્ષ-૨૦૧૫માં રેલવે પોર્શનમા મરામત કરવા અંગે ઔડા તરફથી જાણ કરવામા આવી હતી. રેલવેએ વર્ષ-૨૦૧૬માં મરામતની કામગીરી પુરી કરી હતી. હાલ આ વિસ્તાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદમા હોવાથી ઔડા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રેલવે સાથે સંકલનમા રહી બ્રિજના સમારકામ અંગેની જરૂરી કાર્યવાહી કરશે.

## CRRIની ભલામણોને નજર અંદાજ કરી

# બિલ્ડરને લાભ ખટાવવા ઈન્કમટેક્સ ફ્લાય ઓવર બ્રિજની પહોળાઈ વધારાઈ

અમદાવાદ,મંગળવાર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ વિભાગના અધિકારીઓનું વધુ એક બ્રિજ કૌભાંડ સામે આવ્યુ છે. જેમાં વર્ષ-૨૦૧૯માં અંદાજથી ૯.૯૩ ટકા વધુ ભાવથી રૂપિયા ૬૫.૫૧ કરોડના ખર્ચથી બનાવવામાં આવેલા ઈન્કમટેક્સ ફલાય ઓવરબ્રિજના કોન્ટ્રાકટર રણજીત બિલ્ડકોનને લાભ ખટાવવા ફલાય ઓવરબ્રિજ ફોરલેનને બદલે કાઈવલેનનો તૈયાર કરાવવામાં આવ્યો હતો. શહેરમાં તમામ ફલાયઓવરબ્રિજ ૧૬.૫ મીટર પહોળાઈના બનાવાયા છે. જયારે ઈન્કમટેક્સ ફલાયઓવરબ્રિજ ૨૦.૫ મીટર પહોળાઈનો છે.

## શહેરના તમામ ફલાયઓવરબ્રિજ ૧૬.૫ મીટર પહોળાઈના, ઈન્કમટેકસ ફલાયઓવર ૨૦.૫ મીટર પહોળાઈનો

ઈન્કમટેકસ ફલાય ઓવરબ્રિજ બનાવવાની કામગીરી સમયે ભારત સરકારના સેન્ટ્રલ રોડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ તરફથી કરવામાં આવેલી ભલામણોને નજર અંદાજ કરવામા આવી હોવાની ઘટસ્ફોટ થવા પામ્યો છે. સેન્ટ્રલ રોડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ તરફથી ઈન્કમટેકસ ફલાય ઓવરબ્રિજ ફોરલેન બનાવવા અંગે નિર્દેશ કર્યો હતો. શહેરમાં આવેલા તમામ ફલાયઓવરબ્રિજ ફોરલેન અને ૧૬.૫ મીટર પહોળાઈના છે જયારે એક માત્ર ઈન્કમટેકસ ફલાય ઓવરબ્રિજ કાઈવલેન અને ૨૦.૫ મીટર પહોળાઈનો હોવા અંગેનો જવાબ મ્યુનિ.તંત્ર તરફથી માહિતી અધિકાર એકટ-૨૦૦૫ હેઠળ માંગવામાં આવેલી માહિતીના જવાબમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. આ ફલાયઓવરબ્રિજ કાઈવલેનનો બનાવવામાં આવતા બ્રિજની નીચેની જગ્યા સાંકડી થઈ ગઈ છે.

એક જ વર્ષમાં શહેરમાં ઈન્કમટેકસ ફલાયઓવરબ્રિજની સાથે અંજલી ફલાયઓવરબ્રિજ બનાવવામાં આવ્યા હતા. આમ છતાં બંને બ્રિજની પહોળાઈમાં તફાવત છે. એક જ તંત્ર તરફથી શહેરમાં બે ફલાયઓવરબ્રિજ બનાવડાવવામાં આવે છે આમ છતાં બંને માટે નિયમ કયા કારણથી અલગ રાખવામાં આવ્યા એ બાબત તપાસનો વિષય બનવા પામી છે.

ઈન્કમટેકસ ફલાયઓવરબ્રિજ ૨૦.૫ મીટર પહોળાઈ ધરાવતો હોવાથી અંજલી ફલાયઓવરબ્રિજ નીચે આવેલા સર્વિસ રોડની તુલનામાં આ બ્રિજ નીચેના સર્વિસ રોડ સાંકડા અને નાના છે. બ્રિજની પહોળાઈ વધવાના કારણે ગુજરાત વિદ્યાપીઠ અને હીરક ગ્રાઉન્ડના સર્વિસ રોડ ઉપર ટ્રાફિક જામ થાય છે. ફલાયઓવરબ્રિજ નીચેનો સર્વિસ રોડ બસસ્ટેન્ડ તથા અન્ય ટ્રાફિક માટે ખુબ નાનો છે. બ્રિજની અયોગ્ય ડીઝાઈનના કારણે ફલાયઓવરબ્રિજ ઉપર ટ્રાફિક ઓછો જોવા મળી રહ્યો છે. જયારે સર્વિસ રોડ ઉપર ટ્રાફિક વધુ જોવા મળી રહ્યો છે. ૧૬.૫ મીટર પહોળાઈના બદલે ૨૦.૫ મીટર પહોળાઈ રાખવાથી બ્રિજ બનાવવાના ખર્ચની રકમ પણ વધી ગઈ હતી.

આ પ્રકારના નબળા આયોજન માટે કોણ દોષિત કન્સલ્ટન્ટ કે અમદાવાદ મ્યુનિ.ના અધિકારીઓ?

### ભવિષ્યના વિકાસને ધ્યાનમાં રખાયો હોવાનો મ્યુનિ.તંત્રનો બચાવ

ઈન્કમટેકસ ફલાયઓવરબ્રિજ ફોર લેનના બદલે ૨+૨.૫ લેન મુજબ બનાવવા પાછળ આશ્રમરોડને ટાઉનપ્લાનિંગ વિભાગ દ્વારા સી.બી.ડી.ઝોન જાહેર કરવામાં આવેલ હોવાથી ભવિષ્યમાં બનારા વર્ટીકલ ડેવલપમેન્ટને ધ્યાનમાં રાખી તેમજ વધનારા ટ્રાફિકને ધ્યાનમાં રાખી બ્રિજની પહોળાઈ ૨૦.૫ મીટર રાખવામાં આવી હોવાનો મ્યુનિ.તંત્રે બચાવ કરતો જવાબ આપ્યો છે.



સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૩-૪-૨૩)

### ઈન્કમટેકસ ફલાયઓવર ૯.૯૩, અંજલિ બ્રિજનાં કામ ૩.૯૯ ટકા વધુ ભાવથી અપાયા હતા

વર્ષ-૨૦૧૯માં રણજીત બિલ્ડકોનને ઈન્કમટેકસ ફલાયઓવરબ્રિજ બનાવવાની કામગીરી રૂપિયા ૫૯.૫૯ કરોડના અંદાજના ભાવથી ૯.૯૩ ટકા વધુ ભાવથી એટલે કે રૂપિયા ૬૫.૫૧ કરોડથી જયારે અંજલી ફલાયઓવરબ્રિજ બનાવવા કોન્ટ્રાકટર વિજય મિસ્ત્રી પ્રા.લિ.ને રૂપિયા ૮૯.૯૧ કરોડના અંદાજના ભાવથી ૩.૯૯ ટકા વધુ રૂપિયા ૯૨.૫૧ કરોડથી કામ આપવામાં આવ્યુ હતુ.

## ચાર્જ પરના અધિકારીઓનું મોળું પડતું મોનિટરિંગ

# ખાનગી શાળાઓની ફી નક્કી કરતી FRCના વડાનો હોદ્દો બે વર્ષથી ખાલી

(પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ,સોમવાર

અમદાવાદની ખાનગી શાળાઓ દ્વારા આડેધડ લેવામાં આવતી ફીને નિયંત્રણમાં રાખવામાં આવેલી ફી રેગ્યુલેટરી કમિટીના વડાનો હોદ્દો છેલ્લા બે વર્ષથી ખાલી પડ્યો છે. અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીને તેનો ચાર્જ સોંપીને કામ ચલાવવામાં આવી રહ્યું છે. પરિણામે કરીથી ફી વસુલીમાં અનિયમિતતા સર્જાવાની સંભાવના નિર્માણ થઈ છે. અભ્યાસેત્તર પ્રવૃત્તિને નામે એટલે કે એક્સ્ટ્રા કરીક્યુલર એક્ટિવિટીને નામે અમદાવાદની જ એક શાળાએ એકાએક ફીમાં સવા લાખથી વધુ રકમનો વધારો કરી દેતા હોબાળો મચી ગયો છે. જિલ્લા શિક્ષણ અધિકારીએ આ અંગે તપાસ પણ ચાલુ કરી દીધી છે. જોકે તપાસના પરિણામની હજી સુધી જાહેરાત કરવામાં આવી નથી. તેમ જ તપાસ બાદ કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે નહિ તેનો પણ ફોડ પાડવામાં આવ્યો નથી.

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૪-૪-૨૩)

## મોંઘું શિક્ષણ સંખ્યાબંધ બાળકોને ભણતરથી વંચિત કરી રહ્યુ હોવાથી શિક્ષણને સસ્તું બનાવવા માગણી

અત્યાર સુધી ઊંચી ફીની સામે માધ્યમ કે અપર મિડલ ક્લાસના વાલીઓ નારાજગી વ્યકત કરતાં હતા. હવે બિઝનેસ ક્લાસના લોકો પણ ખાનગી શાળાઓ દ્વારા વધારવામાં આવી રહેલી ફી સામે વિરોધ કરવા માંડ્યા છે.

બીજું, ખાનગી શાળાઓ દ્વાર લેવામાં આવતી મસમોટી ફીની સરખામણીમાં તેમના એજ્યુકેશનના સ્ટાન્ડર્ડ મેચ ન થતાં હોવાનું ઘણાં વાલીઓને લાગી રહ્યુ છે. ફી નિયમન સમિતિની અનુપસ્થિતિ વાલીઓની પરિસ્થિતિ કફોડી બનાવી રહી છે. અમદાવાદની ૨૯થી વધુ ખાનગી શાળાઓ તેને ગેરલાભ ઊઠાવી રહી હોવાનું જણાવીને પેરેન્ટ્સ એકતા મંચે તેની સામે લડત છેડવાનું આયોજન કર્યુ હોવાનું જાણવા મળી રહ્યુ છે.

વાસ્તવમાં કેપિટેશન ફી લેવા પર કોર્ટે મનાઈ ફરમાવેલી છે. પરંતુ શાળાઓ જુદા જુદા શિર્ષક હેઠળ ફી વસૂલી રહી છે.

આ રીતે જુદા જુદા શિર્ષક-હેડ હેઠળ લેવાતી ફી પણ કેપિટેશન ફી જ ગણી શકાય તેવી છે. આ રીતે ફી વસૂલવી કાયદાકીય જોગવાઈના ભંગ સમાન છે.

તેની સામે ફોજદારી ધારા હેઠળ ફરિયાદ પણ કરી શકાય છે. પરિણામે નારાજ થયેલુ વાલીગણ વિરોધ કરવા તૈયાર થયુ છે.


માનનીયશ્રી
અમિતભાઇ ચાવડાને
જન્મદિવસની શુભેચ્છા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

Published on every 5th and 20th every month




R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.